સુવિચાર
તમારા દીકરા કે દીકરીને જો એક જ ભેટ તમે આપી શકો તેમ હો તો તમે તેમને ઉત્સાહ જ આપજો.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૬/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૧૬૨

## થોડા મહિનાઓ પહેલા જેનું ગાઈ-વગાડીને લોકાર્પણ કરાયા બાદ

# આલેલે : સાવરકુંડલામાં બાયપાસ માર્ગમાં પણ ગાબડા પડવાનું શરૂ

છેલ્લા એક દાયકાથી માર્ગ બનાવવાની પ્રક્રિયા ચાલી અને મહા મહેનત અને ચૂંટણી હોવાથી બાયપાસ શરૂ થયો

જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ બાયપાસમાં ગાબડા પડે તે બાબત ગંભીર

ધારાસભ્ય અને સાંસદે માર્ગની બનાવટમાં જે કોઈ બેદરકાર સાબિત થાય તેની સામે કાર્યવાહીની માંગ કરવી જોઈએ

ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી કરવાનું વચન ચૂંટણીમાં અપાયું હોય હવે તેની અમલવારી તો કરો



સાવરકુંડલા, તા. ૨૨
સાવરકુંડલામાં હજી ગણતરીનાં દિવસો પહેલા જ નવો બાયપાસ શરૂ કરવામાં આવ્યો છે. આ બાયપાસ અમરેલી ને પિપાવાવ પોર્ટ, રાજુલા અને મહુવાને જોડે છે. હજી આ બાયપાસ શરૂ થયો એને જાજા દિવસો થયા નથી ત્યાં તો ઠેક ઠેકાણે ગાબડા પડી ગયા છે. અમુક જગ્યાએ રોડની સાઈડો બેસી ગઈ છે. આ બાયપાસમાં જે જે જગ્યાએ નાળાઓ આવેલા છે ત્યાં પણ સાઈડની સાઈડો બેસી ગઈ છે. આ ઉપરાંત એટલા મોટા ખાડા પડી ગયા છે કે ફોર વ્હીલર કે મોટા વાહનોને તો ફક્ત વાહનને નુકસાન થાય પરંતુ બાઈક ઉપર જતાં આવતા વાહનચાલકો જો આ ખાડાથી તેમની નજર ચુંકાઈ જાય તો મોતનો ભેટો

અનુસંધાન પાના ૬ ઉપર

## શૌચાલયનાં વેન્ટિલેશનનાં સળીયા સાથે પાથરણામાંથી લીરો કાઢીને ફાંસો બનાવીને

# સાવરકુંડલાનાં વંડા ગામનાં પોલીસ લોકઅપમાં યુવતીનાં અપહરણ કેસનાં આરોપીએ ગળાફાંસો ખાઈ લીધો

## મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ભાવનગર ખાતે રીફર કરાયો

અમરેલી, તા. ૨૨
સાવરકુંડલા તાલુકાનાં પિયાવા ગામે રહેતી એક ૨૧ વર્ષિય યુવતીને મુળ પિયાવા ગામનાં વતની અને ધાર ગામે રહેતા સદામ અગવાન સહિત ૪ ઈસમો ધાક-ધમકી આપી યુવતીનું અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ યુવતીનાં ભાઈએ વંડા પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીની આ બનાવમાં અટકાયત કરી વંડા પોલીસ સ્ટેશનમાં રાખેલ હતા.



આજે સવારે આરોપી સદામ અગવાને વંડા પોલીસનાં લોકઅપમાં આવેલ શૌચાલયનાં વેન્ટીલેશનનાં સળીયા સાથે પાથરણામાંથી લીરો ફાડી તેના વડે ગળાફાંસો ખાઈ જતાં આરોપીનું લોકઅપમાં જ મોત નિપજતા અમરેલી જિલ્લા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી.

આ બનાવમાં આરોપીનાં મૃતદેહને ભાવનગર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડાયેલ છે. જયારે આ બનાવની પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવની જાણ લોકોમાં થતાં લોકોનાં ટોળા હોસ્પિટલ ખાતે ઉમટી પડયા હતા.

## મહેન્દ્ર સિધ્ધિ વિનાયક શોરૂમમાં ઘટના બની

# અરેરાટી : અમરેલીમાં કાર વોશિંગનું કામ કરનાર યુવકનું ઈલેકટ્રીક શોકથી મોત

## તાલુકા પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૨
અમરેલીનાં લાઠી રોડ ઉપર આવેલ મહેન્દ્ર સિધ્ધિ વિનાયક શોરૂમમાં વોશીંગનું કામ કરતાં મિતરાજભાઈ રણજીભાઈ જેબલીયા નામના ૨૨ વર્ષિય યુવક આજે બપોરનાં ૧૨-૩૦ કલાકે શોરૂમમાં ગાડી વોશીંગ કરવા માટે થઈ ઈલેકટ્રીક પાવર શરૂ કરતાં યુવકનાં હાથમાં રહેલ વોશીંગ કરવા માટેનાં પાઈપમાંથી ઈલેકટ્રીક શોક લાગતા તેમનું મૃત્યુ થયાનું અમરેલી તાલુકા પોલીસમાં દિલુભાઈ ગટુભાઈ જેબલીયાએ જાહેર કરતાં પોલીસે બનાવ અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

શું આપને સાંભળવામાં અથવા સમજવામાં તકલીફ પડે છે ?
સર્વ શ્રેષ્ઠ ક્વોલીટી સર્વિસ તથા કિંમતની ખાત્રી
અમરેલી જિલ્લામાં આધુનિક ટેક્નોલોજી દ્વારા સારવાર તથા તાજા જન્મેલા બાળકોથી લઈને ૧૦૦ વર્ષનાં વૃધ્ધ સુધીનું બહેરાશનું ટેસ્ટીંગ અલગ અલગ ડીઝીટલ મશીન દ્વારા તપાસ કરવામાં આવશે. આ સેન્ટરમાં કોમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપીની સુવિધા પણ મળશે.
ક્લિનીકની સેવાઓ :
- બહેરાશની તપાસ
- અંતઃકર્ણ કાનની નસોની તપાસ
- જન્મેલા બાળકનો BERA ટેસ્ટ
- કોક્લીયર ઇમ્પ્લાન્ટ મેપિંગ
- સ્પીચ થેરાપી
- આર્ટિક્યુલેશન થેરાપી
- ફ્લ્યુઅન્સી થેરાપી
- સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી
- વોઇસ થેરાપી
- કોક્લીયર ઇમ્પ્લાન્ટ વાળા બાળકો માટે AVT
ઉપરની તમામ સેવાઓ તથા અદ્યતન કંપનીઓનાં ડીજીટલ અને સેમીડીઝીટલ મશીનો પણ ઉપલબ્ધ છે
ક્વોલીફાઈડ ઓડિયોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન
શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા
ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક
બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી : મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ
NCT (ગોળ હોસ્પિટલ) કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.
ના સંયુક્ત ઉપક્રમે તથા પોલીસ અધિક્ષક માનનીય શ્રી હિમકર સાહેબના માર્ગદર્શન હેઠળ
સર્વરોગ ફ્રી નિદાન કેમ્પ
સ્થળ : પોલીસ હેડક્વાર્ટર, ચિતલ રોડ, અમરેલી.
તારીખ: ૨૫ - ૦૬ - ૨૦૨૩, રવિવાર
સમય: સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
...કેમ્પમાં સેવા આપનાર ડોક્ટરો...
ડો. જાગૃતિ ચાંડપા MD (ફિઝિશિયન)
હૃદયના એટેક, તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન), વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સારવારના નિષ્ણાંત. બીપી, ડાયાબિટીસ, શ્વાસ, પેરાલીસીસ, થેંચ, લીવરના રોગો, કોલેરા, બધા પ્રકારના તાવના નિષ્ણાંત.
ડો. અંકિત ગાબાણી (MBBS, D.ORTHO)
સ્નાયુ- હાડકા- સાંધા-મણકા-ગરદન- કમર વગેરેના દુખાવાના તથા હાડકાના રોગોના નિષ્ણાંત.
TKR (ઘૂંટણનો સાંધો બદલવો), THR (થાપા નો સાંધો બદલવો) તથા આર્થોસ્કોપી (દુરબીન થી તાળિયાના) ઓપરેશનના નિષ્ણાંત.
ડો. નીત ચોટાઈ (MBBS, MS, DrNB - UROLOGY)
કિડની- પ્રોસ્ટેટ-મુત્રાશય-ટેસ્ટીસના રોગો,પથરી અને પેશાબમાં થતા ઈન્ફેક્શનના નિષ્ણાંત.
ડો.પૂજા ચોટાઈ MBBS, MS (ophthal)
આંખના રોગોના નિષ્ણાંત. મોતીયા, વેલ, છારીના ઓપરેશનના નિષ્ણાંત
ડો.કાજલ બગડા MS (Ayu)
હરસ - મસા-ભગંદર- ફિશર આદિ મળમાર્ગ નાં રોગો ના નિષ્ણાંત. હર્નીયા, હાઈડ્રોસિલ, રસોળી, ચરબીની ગાંઠની તપાસ અને નિદાન કરી આપવામાં આવશે.
ડો. અવની ઘેલાણી MBBS, DGO (Gynac.)
ગર્ભવતી માતા ની સંપુર્ણ નિદાન અને સારવારના નિષ્ણાંત. નિઃસંતાનપણાની સારવાર, ગર્ભાશય (કોથળી)ના રોગોની સારવાર ઉપરાંત સ્ત્રી રોગોના નિષ્ણાંત.
ડો. કલ્પેશ વઘાસિયા MB., DCH (Ped.)
નવજાત શિશુ અને બાળ રોગ નિષ્ણાંત.
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો..
99045 93355 / 88491 09784

# લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) દ્વારા ભૂરખીયા ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો






લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી), શ્રી ભૂરખિયા હનુમાનજી ટ્રસ્ટ તથા શ્રી ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવારના આર્થિક સહયોગ દ્વારા અને નેત્રાલયના સહયોગથી ૬૩મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર મુકામે તા. ૨૧–૦૬–૨૦૨૩ ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દીપપ્રાગટય લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી)ના પ્રમુખ લાયન ભુપતભાઈ ભુવા દ્વારા કરવામાં આવેલ અને તેઓએ વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ અને કેમ્પની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવેલ હતી. આ કેમ્પમાં આંખના રોગ જેવા કે મોતિયો, ઝામર, વેલ, પરવાળા તથા આંખની કીકી, પડદા તથા આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાત ડોકટર દ્વારા કરવામાં આવેલ હતી. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા. તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૧૭ દર્દીઓએ લાભ લીધો હતો અને ૩૬ દર્દીઓને અમરેલી નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. જરૂરિયાતમંદ વ્યકિતઓના આંખના નંબર ચેક કરી ૪૩ વ્યકિતઓને ચશ્માનું વિતરણ પણ કરવામાં આવેલ હતું. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), તેમજ નેત્રાલયના સહયોગથી નિયમિત રીતે દર મહિનાના ત્રીજા બુધવારે ભૂરખીયા હનુમાનજી મંદિરમાં નેત્રમણી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન થાય છે. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી(સીટી) તરફથી પ્રમુખ લાયન ભુપતભાઈ ભુવા, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન એમ. એમ. પટેલ, લાયન ભગવાનભાઈ કાબરીયા, લાયન નરેશભાઈ જોગાણી, લાયન રમેશભાઈ ગોલ, લાયન સાહસભાઈ ઉપાધ્યાય, લાયન શરદભાઈ વ્યાસ, દર્શનભાઈ ચૌહાણ તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. હાર્દિકભાઈ કાલરીયા, કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ, શ્રી હિંમતભાઈ કાછડીયા અને તેમની ટીમ તેમજ ભુરખીયા હનુમાનજી મંદિરના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ, કેમ્પના આર્થિક દાતા અનિલભાઈ પારેખ, ટ્રસ્ટી અમરશીભાઈ પરમાર, સંચાલક ગોપાલભાઈ ચુડાસમા અને દેવજીભાઈ સિંધવ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

### કર્મચારીઓની પેન્શનની માંગ પૂર્ણ કરવા અંગે

## અમરેલી ખાતે પીજીવીસીએલ અને એસ.ટી. કર્મચારીઓની મહત્વની બેઠક યોજાઇ

**આગામી મહિને રાજકોટ ખાતે મહા અધિવેશન યોજાશે**

અમરેલી, તા. ૨૨

રાષ્ટ્રીય સંઘર્ષ સમિતિના આગેવાન અશોક રાઉતની આગેવાનીમાં ભારતમાં બોર્ડ, નિગમ, ડેરી, સહકારી બેન્કો વિ.ના કર્મચારીઓના પેન્શન માટેની લડત ચાલી રહી છે. તેના અનુસંધાને સૌરાષ્ટ્ર કચ્છ EPS-95 સંઘર્ષ સમિતિ દ્વારા આગામી જુલાઈમાં મહા અધિવેશન રાજકોટ ખાતે બોલાવવામાં આવનાર છે. તે અનુસંધાને અમરેલી જિલ્લા EPS-95ની લડત સમિતિ દ્વારા ગત તા. ૨૧/૦૬/૨૦૨૩ ના રોજ જી.ઇ.બી. અને એસ.ટી.ના કર્મચારીઓની એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી અને આગામી જુલાઈમાં યોજાનાર સૌરાષ્ટ્ર–કચ્છ EPS-95 મહા અધિવેશનને સફળ બનાવવા તેમજ સંગઠનનો અવાજ કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવા માટે ઉમટી પડવા માટે અપીલ કરવામાં આવેલ હતી.

આ મીટીંગમાં એસ.ટી. તથા જી.ઇ.બી. ના આગેવાનો મહેન્દ્રભાઈ કોરડીયા, મહેન્દ્રભાઇ શુકલ, દેવકરણભાઇ ચાવડા, ઉમરભાઈ શેખ, મગનભાઈ ધાનાણી, રાદડીયાભાઇ, શરદભાઈ વ્યાસ, વોરા, દિલીપભાઇ મહેતા વિ. ઉપસ્થિત રહયા હતા.

આ મીટીંગમાં મહાનુભાવોએ ઉદ્બોધન પણ કરેલ હતા. આ મીટીંગ સફળ બનાવવા માટે મહેન્દ્રભાઈ શુકલ તથા મહેન્દ્રભાઈ કોરડીયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

### ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ દ્વારા

## ધારીનાં પ્રેમપરા ખાતે ધ્વજારોહણ, બટુક ભોજન અને વ્હાલી દિકરી વધામણા કાર્યક્રમ યોજાયો

**સંત વેલનાથ બાપુનાં મંદિરે કાર્યક્રમનું થયું આયોજન**

અમરેલી, તા. ૨૨

ધારી પ્રેમપરા ખાતે તા. ૨૦ જૂનનાં રોજ સંત વેલનાથ મંદિરે બીજ ઉત્સવનો ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમનું આયોજન ચુ. કોળી ઠાકોર સમાજ દ્વારા કરવામાં આવેલ. મંદિરે ધ્વજા આરોહણ, બટુક ભોજન તથા બીજ ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ. આ સાથે વ્હાલી દિકરી વધામણા તળે ૧ થી ૨૨ વર્ષની દિકરીને સોનાના દાણાની જોડી સુરત સ્થિત ભલાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટનાં સહયોગથી ૬૦ જેટલી દિકરીઓને સોના દાણાનું વિતરણ કરવામાં આવેલ. અને સુરત સ્થિત આ ટ્રસ્ટ દ્વારા ૧ થી ૨૨ વર્ષની કન્યાઓને આપવામાં આવતા વિવિધ લાભો અને લગ્નની ઉંમરે પિતા કે પરિવારને આર્થિક બોજ સહન ન કરવો પડે તેવી સામાજિક સેવાકીય ટ્રસ્ટની પ્રવૃતિ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. અને ટ્રસ્ટની પ્રવૃતિને અભિનંદન આપવામાં આવેલ.

આ ધાર્મિક અને સમાજ સહયોગી કાર્યક્રમમાં અમરેલીનાં સમૂહલગ્ન સમિતિનાં પ્રમુખ ધીરૂભાઈ મકવાણા તથા કાળુભાઈ દેત્રુજા, હર્ષદભાઈ તથા બીપીનભાઈ સોલાડીયા તથા સ્થાનિક ધારીનાં અગ્રણીઓ રમેશભાઈ મકવાણા, અખિલ ભારતીય કોળી જિલ્લા પ્રતિનિધિ, પુનમબેન ઉપપ્રમુખ તાલુકા ભાજપ મહિલા, સરોજબેન બારૈયા મહિલા અગ્રણી, બાબુભાઈ ગઢીયા પ્રમુખ તાલુકા કોળી સમાજ ધારી, દીનુભાઈ રાઠોડ, મંગાભાઈ જાળેલા, કાળુભાઈ ડુંગરીયા, ધીરૂભાઈ રાઠોડ, બાવચંદભાઈ કણસાગરા, ધીરૂભાઈ કુવારદા, જગદીશભાઈ રાઠોડ તથા અનેક સ્થાનિક અગ્રણીઓ હાજર રહેલ. આ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમનું આયોજન વેલનાથ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા સમૂહલગ્અન સમિતિનાં પ્રમુખ નાગજીભાઈ બારૈયા તથા ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટી મંડળ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ તેમજ ધીરૂભાઈ મકવાણા અમરેલી તથા રમેશભાઈ મકવાણાની સંયુકત યાદી જણાવેલ છે.

### ૩૦ જુનનાં દિવસથી

## ચિતલ : અમરેલી નાગરિક સહકારી બેન્ક નવા મકાનમાં ફેરવાશે

**જિલ્લા બેન્કની બાજુમાં કાર્યરત થશે**

અમરેલી, તા. ૨૨

અમરેલી નાગરિક સહકારી બેંક લી.ની ચિતલ બ્રાન્ચ આગામી તારીખ ૩૦/૦૬/૨૦૨૩ ના રોજ નીચે દર્શાવેલ સરનામે ફેરવવામાં આવશે. તેથી સદરહું બ્રાન્ચનું તારીખ ૩૦/૦૬/૨૦૨૩ થી બેંકીંગ કામકાજ મેઈન બજાર, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ની બાજુમાં, ચિતલ ખાતે કાર્યરત થશે.

## સાવરકુંડલા : લાયન્સ કલબ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો




સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા શહેરમાં લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા દ્વારા વિદ્યાર્થી સંન્માન સમારોહ યોજાયો.

જેમાં ૬૩ વિદ્યાર્થીને શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહની સાથે સાથે લાયન્સ પરીવાર દ્વારા વિદ્યાર્થીઓને રમત ગમત અને ગેમ્સ રમાડવામાં આવી હતી. આ સુંદર આયોજન લાયન્સ કલબના તમામ શિક્ષક દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસનું પણ ભવ્ય સન્માન કરવામાં આવ્યુ હતું.

### જાફરાબાદ નજીક આવેલ

## બાલાનીવાવ ગામે બકરા ચરાવવાની ના પાડતા ખેતમજૂરને માથામાં તલવાર ઝીંકી

**તે જ ગામે રહેતા ૪ ઈસમો સામે પોલીસ ફરિયાદ**

અમરેલી, તા. ૨૨

જાફરાબાદ તાલુકાનાં બાલાનીવાવ ગામે રહેતા અને ખેત મજૂરી કરતાં મનસુખભાઈ ગોવિંદભાઈ વાઘેલા નામનાં ૪૫ વર્ષિય આધેડે ભાગવી રાખેલ વાડીનાં શેઢે તે જ ગામે રહેતા દિવ્યેશભાઈ જેશીંગભાઈ વાઘેલાનાં બકરા આવતા હોય. જેથી આ ખેતમજૂર આધેડે તેમને ના પાડેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી આ દિવ્યેશભાઈ સહિત ૪ લોકોએ આવી તલવાર ખેતમજૂર આધેડને મારી તથા જમણા હાથની આંગળીમાં ફેકચર કરી દેતા નાગેશ્રી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ઉચ્ચ અધિકારીઓ તપાસ તો કરો

## ઉના : ગીર ગઢડાના એસ.ટી. બસ ડેપોમાં પૂછપરછ વિભાગ રામભરોસે

**મુસાફરોએ મુશ્કેલીનો કર્યો સામનો**

ઉના, તા. ૨૨

ગીર ગઢડા બસ સ્ટેશનમાં આવેલ પૂછપરછ વિભાગમાં કોઈપણ અધિકારીઓ જોવા મળેલ ન હતા. જેથી ગીર ગઢડા તાલુકાભરમાંથી લાંબા અને ટૂંકા રૂટની બસોમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓ મુસાફરોને બસનો સમય અને પ્લેટફોર્મ સહિતની માહિતી મેળવવામાં તકલીફ પડી રહી હોય છે ત્યારે બસ સ્ટેશનમાં અપૂરતા સ્ટાફને લઈ આ લોઢાના ચણા ચાવવા જેવી હાલત થઈ જવા પામી છે તેમજ એસ.ટી. ડેપોમાં મુસાફરોની સુવિધા માટે રૂટનું સમયપત્રક મૂકવામાં આવ્યા છે પરંતુ સમય પત્રક દર્શાવેલ સમય પ્રમાણે સમયસર બસો આવતી ન હોય ત્યારે એસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પૂછપરછ વિભાગમાં સમય પત્રક મુજબ નિમિતપણે સ્ટાફ બેસાડવામાં આવે અને બસો નિયમિત પણે નક્કી કરેલ સમયે દોડાવવામાં આવે તેવી મુસાફરો વિદ્યાર્થીઓ સહિતના દ્વારા માંગકરવામાં આવી હતી.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

# લાઠી તાલુકા શાળામાં "વિશ્વ યોગ દિવસ"ની ઉત્સાહભેર ઉજવણી





લાઠી તાલુકા શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં જિલ્લા આરોગ્ય સમિતિ–અમરેલીનાં જીતુભાઈ ડેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મામલતદાર પટેલ, નાયબ મામલતદાર વિજયભાઈ ડેર, તાલુકા પ્રા.શા. અધિકારી ગોપાલભાઈ અઘેરા, પી.એસ.આઈ. હેતલબેન બરવાળીયા, ટી.ડી.ઓ. ઓફિસનાં કર્મચારીગણ અને આઈ.સી.ડી.એસ. વિભાગનાં કર્મચારી ગણ અને પ્રા.શા.નાં શિક્ષકગણ તેમજ બાળકો હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમ અંતર્ગત યોગથી થતાં લાભો વિશે માહિતી આપવામાં આવી હતી અને ૨૧૦ જેટલા લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

# ચલાલા : હરિબા મહિલા કોલેજ અને જીલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રમોત્સવ યોજાયો




ચલાલા વિસ્તારની નામાંકિત સંસ્થા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત હરિબા મહિલા કોલેજ આર્ટસ, કોમર્સ, બી.સી.એ. અને બી.પી.ઈ.એસ.(સ્પોર્ટસ) ચલાવવામાં આવે છે. જેમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રમોત્સવ-૨૦૨૩નું ભવ્ય આયોજન હરિબા મહિલા કોલેજ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં હરિબા મહિલા કોલેજની બહેનો અને પોલીસ સ્ટાફની બહેનો વચ્ચે તથા કોલેજનાં પ્રોફેસરો તેમજ ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં શિક્ષકો સામે પોલીસ સ્ટાફનાં ભાઈઓ વચ્ચે ફૂટબોલ, વોલીબોલ, બેડમિન્ટન, કબ્બડી, ખો-ખો, ક્રિકેટ જેવી રમતો રમાડવામાં આવી હતી. અને વિજેતા ટીમને શીલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં ચલાલા પી.એસ.આઈ. ગલચર તથા કોલેજ ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ તથા આચાર્ય શીતલબેન સહિત બધા શિક્ષકો, પ્રોફેસરો, પોલીસ ભાઈ-બહેનો પણ રમતોમાં જોડાયા હતા. પૂ. શ્રી રતિદાદાએ આશીર્વાદ આપ્યા હતા.

### પતિનાં ત્રાસથી કંટાળેલ પત્નીને મદદ મળી

## બગસરામાં પત્નીએ પોલીસની ૧૮૧ની મદદ લેતા પતિ મહાશય રફુચક્કર થયા

### પતિ મુશ્કેલી ઉભી કરે તો જાણ કરવા ૧૮૧ની ટીમે જણાવ્યું

અમરેલી, તા. ૨૨

બગસરા તાલુકામાંથી એક પીડાતા બહેન દ્વારા ૧૮૧માં ફોન કરીને પોતાનો પતિ હેરાન પરેશાન કરતો હોવાની અને છેલ્લા ત્રણ મહિનાથી પિયરમાં હોય સાસરે પરત જવા મદદ માગવામાં આવતા ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

અમરેલી અભયમ્ ૧૮૧ની ટીમને ફોન કરનારા બહેન સાથે તેણીના પતિના ઘરે પહોંચતા જ પતિને જાણ થઈ જતાં, તેણીનો પતિ ઘર ખુલ્લું મૂકીને જતો રહ્યો હતો. તેને ફોન કરતા ફોન પણ બંધ કરી દીધો


૧૮૧ ટીમ

હતો. આ બહેન સાથે વધુમાં કાઉન્સિલિંગ કરતા જાણવા મળ્યું હતું કે તેનો પતિ અવાર નવાર કોઈને કોઈ વાતને લઈને ઝગડો કરતો હતો અને પીડિતા મહિલાને તેના પિયર મૂકી ગયા બાદ પરત લેવા આવતો ન હતો. મહિલા પરત આવે તો, મારે તું જોઈતી નથી, તું જતી રહે તેવું કહી કાઢી મૂકતો હતો. આ પીડિતા બહેનને લાંબાગાળ ાના કાઉન્સિલિંગ માટે મહિલાલક્ષી માળખાઓની માહિતી આપી અમરેલી મહિલા સહાયતા કેન્દ્રમાં આગળની કાર્યવાહીની મદદ લેવામાં આવેલ. પીડિતા બહેનની આપવીતી સાંભળી જરૂરી માહિતી માર્ગદર્શન આપી. જયારે પણ પતિ ઘરેથી કાઢી મૂકે એવું બને તો પિયર જતા પહેલા જરૂર જણાવી અને મહિલા હેલ્પલાઇનની મદદ લેવા જણાવાયુ હતું.

### પેસેન્જર એસો.નાં સભ્ય મધુભાઈ દ્વારા રજૂઆત

## સાવરકુંડલા : મહુવા-અમદાવાદ વાયા ધંધુકા, ધોળકા થઈને ટ્રેન ચલાવવા માંગ

### ભાવનગર-મહુવા વચ્ચેની ટ્રેનને બાઢડા સ્ટોપ આપો


સાવરકુંડલા, તા. ૨૨

પેસેન્જર એસોસીએશન ના સભ્યશ્રી મધુભાઈ ગજેરા દ્વારા ટ્રેન નં. ૦૯૫૮૪ મહુવાથી સવારે ૫-૦૦ કલાકે મહુવા-અમદાવાદ વાયા ધંધુકા, ધોળકા ચલાવવી. તેમજ ભાવનગર મહુવા ટ્રેન નં. ૧૦૨૦૫ તથા મહુવા- ભાવનગર નં. ૧૯૨૦૬ બાઢડા સ્ટોપ આપવા બાબતની માગણી કરવામાં આવી.

ભાવનગર રેલ્વે ડીવીઝન દ્વારા ચલાવવામાં આવતી ટ્રેન નં. ૦૯૫૮૪ મહુવા-ધોળા ટ્રેન મહુવાથી સવારે ૫-૦૦ કલાકે ઉપાડી અમદાવાદ માટે વાયા ધંધુકા, ધોળકા થઈ ચલાવવામાં આવે.

તેમજ અમદાવાદથી બપોરે ૧૪-૦૦ કલાકે તેજ રૂટ ઉપર મહુવા સુધી ચલાવવામાં આવે તો આ તમામ ગામોનું અમદાવાદ દવાખાને તથા અન્ય કામોસર આવવા-જવાની સુવિધા મળી શકે. આ બાબતે વહેલી તકે તપાસી લોકોની સુવિધા માટે આ ટ્રેન મહુવા-અમદાવાદ તથા અમદાવાદ- મહુવા નવી સુવિધા મળી શકે. તેમજ ભાવનગરથી સવારે ૯-૦૦ કલાકે દોડતી ગાડી નં. ૧૯૨૦૫ તથા મહુવા ભાવનગર ગાડી નં. ૧૯૨૦૬ જતા આવતા બાઢડા સ્ટોપ આપવામાં આવે તો બાઢડા હાઈવે ઉપરનું ગામ હોય આજુબાજુના ૧૦ ગામોને ભાવનગર તથા મહુવા જવા આવવા માટેની સુવિધા મળી શકે.


અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત
નૂતન કોમર્સ કોલેજ-અમરેલી
DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...


DMLT
B.Com
M.Com
પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો
DMLT, B.Com, M.Com
જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ■ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯


## બાબરામાં પંચશીલ વિદ્યાલયમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૨

બાબરામાં વિશ્વ યોગ દિવસની શહેરમાં શાળાઓ દ્વારા તેમજ વહીવટી તંત્ર અને પાલિકા દ્વારા ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી હતી અને યોગ દિવસની સમજુતી અને જાગૃત થવાની સમજ લોકોને આપી હતી.

ત્યારે બાબરામાં પંચશીલ વિદ્યાલયમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી શાળા પરિવાર દ્વારા કરવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓ શિક્ષકો અને ટ્રસ્ટીઓ જોડાયા હતા અને વિવિધ યોગ તેમજ આસનો કરી વિદ્યાર્થીઓને જીવનમાં યોગનું મહત્વ સમજાવી યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦,પહેલા માળે, ફિરદોસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### બેન્કનાં ચેરમેન ડોલર કોટેચાએ ખૂશી વ્યકત કરી

## ભૈ વાહ : ખેડૂતોનાં હિતમાં કામ કરતી ખેતી બેન્કનો ગ્રોસ નફો ૧૦૦ કરોડને પાર

### છેલ્લા ૭૨ વર્ષથી બેન્કની શ્રેષ્ઠ કામગીરી

અમરેલી, તા. ૨૨

ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લી. (ખેતી બેન્ક)નાં ચેરમેન ડોલર કોટેચાની અધ્યક્ષતામાં તા. ૩૧ માર્ચના રોજ બેન્કની બોર્ડ ઓફ ડીરેકટર્સની બેઠક મળેલ હતી. જેમાં નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩નાં બેન્કના હિસાબો રજૂ કરતાં ચેરમેને જણાવેલ કે બેન્કે સૌ પ્રથમવાર ગ્રોસ નફો રૂા. ૧૦૦ કરોડને પાર કરી રૂા. ૧૦૧.૫૨ કરોડ ગ્રોસ નફો હાંસલ કરેલ છે. બેન્કનું ગ્રોસ એનપીએ ગત વર્ષે ૫૮.૩૭% હતું જે આ વર્ષે ૧૩.૭૭% થયેલ છે તેમજ નેટ એનપીએ ૨૪.૩૯% હતું જે આ વર્ષે ૦% થયેલ છે જે બેન્ક માટે ખૂબ ગૌરવની બાબત છે અને દેશની સૌપ્રથમ ૦% એનપીએ ધરાવતી ગુજરાતની ખેતી બેન્ક બનેલ છે. બેન્કની આ સિધ્ધિ એ સમગ્ર રાજયનાં બેન્ક સાથે જોડાયેલા લાખો ખેડૂતોની સિધ્ધિ છે. ખેતી બેન્ક છેલ્લા ૭૨ વર્ષથી ખેડૂતોની સાથે રહેલ છે અને ખેડૂતોને માટે જ કામગીરી કરી રહી છે.

ખેતી બેન્ક ધ્વારા રાજયનાં ખેડૂતોને ગત વર્ષે રૂા. ૫૫૨.૯૩ કરોડનું ધિરાણ કરવામાં આવેલ જયારે આ વર્ષ દરમ્યાન રૂા. ૬૪૪.૧૬ કરોડનું માતબર ધિરાણ કરવામાં આવેલ છે. ગત વર્ષે બેન્કની શેરમુડી રૂા. ૪૨.૪૩ કરોડ હતી જેમાં વધારો થઈને રૂા. ૪૭.૪૨ કરોડ થયેલ છે. બેન્કનું સ્વભંડોળ ગત વર્ષે રૂા. ૫૮૯.૪૭ કરોડ હતું તેમાં વધારો થઈને રૂા. ૬૧૮.૬૦ કરોડ થયેલ છે. બેન્કની કુલ આવક ગત વર્ષે રૂા. ૯૧.૬૪ કરોડ હતી તેમાં માતબર વધારો થઈને આ વર્ષે રૂા. ૧૭૮.૬૫ કરોડ થયેલ છે.

બેન્કના અધિકારી/ કર્મચારીઓએ વર્ષ દરમ્યાન જે પ્રશંસનીય કામગીરી કરેલ છે તેને આજની બોર્ડ મીટીંગમાં બોર્ડ ઓફ ડીરેકટર્સ ધ્વારા બિરદાવવામાં આવેલ હતી અને સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સે બેન્કના ચેરમેન ડોલર કોટેચાના માર્ગદર્શન હેઠળ ખેતી બેન્ક જે પ્રગતિની દિશામાં હરણફાળ ભરી રહી છે તેને બિરદાવી હતી.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫
પ્રવેશની ઉત્તમ તક...
ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદ્દન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮













### મોદીને હટાવવા, ભાજપને ઊથલાવવા વિપક્ષોની કવાયત

# પટણામાં આજે વિપક્ષો લોકસભા ચૂંટણીની રણનીતિ તૈયાર કરશે

## ખડગે-રાહુલ, મમતા, પવાર, નીતિશ કુમાર, અખિલેશ, ફારુખ, કેજરીવાલ સહિતના વિપક્ષના દિગ્ગજ નેતાઓ કેન્દ્ર સામે મોરચો માંડવા માટે મળશે

પટણા, તા.૨૨

કેન્દ્રની સત્તા પરથી નરેન્દ્ર મોદી અને ભાજપને ઉથલાવવા માટે વિપક્ષોને એક કરવા આવતીકાલે ૨૩મી જુને પટણામાં વિપક્ષી દળોની મહત્વની બેઠક યોજાવાની છે.

બેઠકમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે રણનીતિ તૈયાર કરવામાં આવશે. બેઠકમાં સામેલ થવા નેતાઓનું પટણામાં આગમન શરૂ થઈ ગયું છે. આ બેઠક માટે પીડીપી અધ્યક્ષ અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમ મહેબૂબા મુફ્તી પહોંચી ગયા છે, જ્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને આપસંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આજે પહોંચશે.

મળતા અહેવાલો મુજબ સૌથી પહેલા ગુરુવારે સવારે મહેબૂબા મુફ્તી પટણા પહોંચી ગયા છે. જ્યારે મમતા બેનર્જી સાંજે લગભગ ૪.૩૦ કલાકે પહોંચશે. બેનર્જી સાથે ટીએમસીની સાંસદ અભિષેક બેનર્જી પણ હશે. મમતા બેનર્જી પટણા પહોંચ્યા બાદ સીધા આરજેડીના વડા લાલુ પ્રસાદને મળવા ૧૦-સર્કુલર રોડ જશે. બેઠક બાદ મમતા સાંજે ૪ કલાકે કોલકાતા પરત ફરશે.

મમતાના પહોંચ્યાના ૧ કલાક બાદ અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન પહોંચશે.

મળતા અહેવાલો મુજબ નેશનલ કોન્ફરન્સના નેતા અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા, ભાકપા મહાસચિવ ડી.રાજા અને ભાકપા માલે મહાસચિવ દીપાંકર ભટ્ટાચાર પણ આજે પટણા પહોંચશે. આ ઉપરાંત ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર આવતીકાલે પટણા પહોંચવાના અહેવાલો છે. બેઠકમાં આરએલટીના વડા જયંત સિંહને પણ સામેલ થવાના હતા, પરંતુ પારિવારિક કાર્યક્રમના કારણે તેઓ બેઠકમાં સામેલ નહીં થાય. જયંત ચૌધરીએ નીતિશ કુમારને બેઠકની સફળતા માટે શુભકામના પાઠવી છે.

વિપક્ષના આ નેતાઓ બેઠકમાં હાજરી આપશે

જેડીયુ - નીતિશ કુમાર

આરજેડી - તેજસ્વી યાદવ

કોંગ્રેસ - રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે

તૃણમૂલ કોંગ્રેસ - મમતા બેનર્જી

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી - શરદ પવાર

શિવસેના યુબીટી - ઉદ્ધવ ઠાકરે

આમ આદમી પાર્ટી - અરવિંદ કેજરીવાલ, સંજય સિંહ

સમાજવાદી પાર્ટી - અખિલેશ યાદવ

ઝારખંડ મુક્તિ મોરચા - હેમંત સોરેન

ડીએમકે - એમકે સ્ટાલિન

નેશનલ કોન્ફરન્સ - ઓમર અબ્દુલ્લા

પીડીપી - મહેબૂબા મુફ્તી

સીપીઆઈ - ડી.રાજા

સીપીઆઈપુરૂષ - દિપાંકર ભટ્ટાચાર્ય

સીપીઆઈ (એમ) - સીતારામ યેચુરી

### ૩૦૦થી વધુ નેતાઓને લોકસભાની ચૂંટણીની જવાબદારી

# પૂર્વ નાયબ સીએમ નીતિન પટેલનો ૬૮મો જન્મ દિવસ

## ૨૦૨૪ લોકસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ તૈયારીઓ શરુ કરી દિધી છે

અમદાવાદ, તા.૨૨

આજે ૨૨ જૂનનો દિવસ છે, આજે રાજયના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ભાજપના કદાવર નેતા નીતિન પટેલનો જન્મ દિવસ છે, આજે નીતિન પટેલનો ૬૮મો જન્મ દિવસ છે. નીતિન પટેલના જન્મ દિવસની ઉજવણી આજે કડીમાં કરવામાં આવશે, આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટિલ ઉપસ્થિત રહેશે. માહિતી પ્રમાણે આજે નીતિન પટેલના ૬૮મા જન્મદિવસ પ્રસંગને ખાસ બનાવવા માટે મહેસાણાના કડીમાં સત્યાવીસ સમાજ સરદાર યુવક મંડળ નીતિન પટેલના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવ્યુ છે, તેમજ કડીના ચંપાબેન રતિલાલ પટેલ ટાઉન હૉલ ખાતે મહારક્તદાન શિબિર, અને કડી APMC ખાતે રજતતુલા અને સન્માન સમારંભ પણ આયોજન કરવામાં આવેલુ છે. આ પ્રસંગે મંત્રી ઋષિકેશ પટેલ અને જગદીશ વિશ્વકર્મા પણ નીતિન પટેલના જન્મ દિવસની ઉજવણીમાં હાજરી આપશે. ૨૦૨૪ લોકસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ તૈયારીઓ શરુ કરી દિધી છે. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેંદ્રમાં ફરી ભાજપ પ્રેરિત એનડીએની સરકાર પૂર્ણ બહુમતી સાથે બને તે માટે ભાજપ દ્વારા અત્યારથી તમામ પ્રકારની તૈયારીઓ કરવામાં આવી રહીછે. ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલને લોકસભાની ચૂંટણી ૨૦૨૪ માટે પાંચ લોકસભા બેઠકોની જવાબદારી સોંપવામા આવી છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને ૫ લોકસભા બેઠકોની જવાબદારી સોંપાઈ છે. કેંદ્રની મોદી સરકારના ૯ વર્ષની થનારી ઉજવણીની જવાબદારી સોંપાઈ છે. ઉત્તરાખંડની ૩ લોકસભા બેઠકોની ઉજવણીની જવાબદારી નીતિન પટેલને સોંપાઈ છે. ઉત્તરપ્રદેશની ૨ લોકસભા બેઠકની ઉજવણીની તેમને જવાબદારી સોંપવામાં આવી છે. એક મહિના સુધી ચાલનારી ઉજવણી દરમિયાન નીતિન પટેલ યુપી અને ઉત્તરાખંડનો પ્રવાસ કરશે. ભાજપ હાઈકમાન્ડ દ્વારા દેશભરમાં ૩૦૦થી વધુ નેતાઓને લોકસભાની ચૂંટણીની જવાબદારી સોંપવામા આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં એવું નિવેદન આપ્યું હતું કે, ભાજપ લોકસભાની આગામી ચૂંટણી ૩૦૦થી વધુ બેઠકો જીતશે. તેમના આ નિવેદનને યથાર્થ કરવા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાતનાં પાંચ નેતાઓને લોકસભાની ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી છે.

### બેંગલુરૂમાં સાફ ગેમ્સ દરમિયાન માહોલ તંગ બન્યો

# સાફ ગેમ્સની ભારત-પાકિસ્તાન મેચમાં મેદાન પર બબાલ થઈ

## બોલાચાલીનો વીડિયો સામે આવ્યો, આ વીડિયોમાં પાક. ખેલાડીઓ ભારતીય કોચ સાથે બોલાચાલી કરતા દેખાય છે

બેંગલુરૂ, તા.૨૨

વિશ્વના બે કટ્ટર હરિફ ભારત અને પાકિસ્તાન જયારે કોઈપણ રમતમાં એકબીજા સામે રમતા હોય ત્યારે ટીમના પ્રદર્શની સાથે સાથે બીજુ ઘણુ બધુ પણ જોવા મળતુ હોય છે તેમજ માહોલ હંમૈશા ગરમ રહેતો હોય છે. આવુ જ કંઈક ગઈકાલે બેંગલુરુમાં જોવા મળ્યુ હતું જ્યા ફુટબોલના એક મેચમાં બંને ટીમો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને થોડીવાર માટે વાતાવરણ ખુબ જ ગરમાગરમીવાળુ બની ગયુ હતું.

બેંગલુરુમાં ગઈકાલે સાફચેમ્પિયનશિપની મેચ ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાઈ હતી જેમા ભારતે પાકિસ્તાનને ૪-૦થી હરાવ્યું હતું. જો કે મેચ તેના પહેલા હાફના અંતિમ ક્ષણોમાં હતી અને જ્યારે ભારત પાકિસ્તાનથી ૨-૦થી આગળ હતું ત્યારે મેચમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઉગ્ર બોલાચાલીનો વીડિયો પણ સામે આવ્યો હતો. આ વીડિયોમાં પાકિસ્તાનના ખેલાડીઓ ભારતીય કોચ સાથે બોલાચાલી કરતા દેખાઈ છે.પાકિસ્તાની ડિફેન્ડર અબ્દુલ્લા ઈકબાલ થ્રો ઈન કરતા હતા ત્યારે જ ભારતના મુખ્ય કોચ તેની નજીક ગયા અને બોલને નીચે પાડી દઈને થ્રો કરતા અટકાવ્યો હતો. જે બાદ બંને ટીમો વચ્ચે ભારે હંગામો થયો હતો.

પાકિસ્તાની ખેલાડીઓને ભારતના કોચ પર આક્રમક બનતા જોઈને ભારતીય ખેલાડીઓ ક્યાં ચૂપ બેસવાના હતા અને તરત જ કોચના બચાવ કરવા માટે ઢાલ બનીને પાકિસ્તાની ખેલાડીઓથી કોચને અલગ કર્યા હતા. આ દરમિયાન બંને ટીમોના ખેલાડીઓ વચ્ચે ઝપાઝપી અને ઘર્ષણ પણ જોવા મળી હતી. બંને ટીમોના ખેલાડીઓ એકબીજા સાથે ઉગ્રબોલાચાલી કરી હતી. થોડીવાર માટે વાતાવરણ તંગ બની ગયુ હતું. જો કે રેફરી આવી પહોંચતા મામલો શાંત પડ્યો હતો.

રમતના ગમે તે સ્તરે આવી ઉગ્ર બોલાચાલી કે હંગામાને સહન કરવું એ એક પ્રકારનું પ્રોત્સાહન આપવા જેવું છે અને તેમા પણ આ તો એક સાફચેમ્પિયનશિપની મેચ હતી જેમા માત્ર ભારત અને પાકિસ્તાન જ નહીં પણ અન્ય ૮ દેશોની ટીમો રમી રહી છે એટલે સજા મળે તે સ્વાભાવિક છે. મેચમાં બોલાચાલી બાદ ભારતના હેડ કોચને રેડ કાર્ડ અને પાકિસ્તાનના કોચને યલો કાર્ડ બતાવવામાં આવ્યુ હતું.

### ઈન્કમટેક્સના અધિકારીઓનો સપાટો

# લખનૌ-કાનપુર સહિત યુપીમાં ૧૭ સ્થળે આઈટીના દરોડા

## કાનપુરમાં રાધા મોહન પુરષોત્તમ દાસ જ્વેલર અને સંજીવ ઝુનઝુનવાલાના ૧૭ સ્થળો પર સર્ચ ઓપરેશન

લખનૌ, તા.૨૨

દિલ્હી, એનસીઆર, કાનપુર, લખનૌ, કોલકાતા સહિત ઘણા રાજ્યો અને જિલ્લાઓમાં જ્વેલર્સ/બુલિયન વેપારીઓના ઠેકાણા પર આવકવેરાના દરોડા ચાલુ છે.

કાનપુરમાં રાધા મોહન પુરષોત્તમ દાસ જ્વેલર અને એમેરાલ્ડ ગાર્ડન હાઉસિંગ સોસાયટીના પ્રમોટર સંજીવ ઝુનઝુનવાલાના ૧૭ સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ છે. કાનપુર લખનૌમાં ૧૭ સ્થળોએ આવકવેરા વિભાગની ટીમો સવારથી કરચોરીના દસ્તાવેજોની તપાસ કરી રહી છે.

ઈક્રમટેક્સ વિભાગે ગુરુવારે સવારે બુલિયન વેપારી ભાઈઓના રહેઠાણ પર દરોડા પાડ્યા હતા. જેમાં એક ભાઈની દુકાન ચોક સરાફામાં છે તો બીજા ભાઈનો શોરૂમ બિરહાના રોડ પર છે. બંનેના સિવિલ લાઈન્સમાં અલગ-અલગ રહેઠાણ છે.

ઈક્રમટેક્સ અધિકારીઓએ ગુરુવારે સવારે તેમના ઠેકાણા પર એક સાથે કાર્યવાહી શરૂ કરી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે કાનપુર ઉપરાંત લખનૌ, દિલ્હી અને કોલકાતામાં તેમના શોરૂમ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. પહેલા બંને ભાઈઓ ચોકમાં સાથે ધંધો કરતા હતા પરંતુ બાદમાં મોટા ભાઈએ બિરહાના રોડમાં પોતાનો ધંધો અલગ કરી દીધો હતો. આ બંને ઉદ્યોગપતિઓ પર આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. ચોકમાં બિઝનેસ કરતા ભાઈનો લખનૌના ફૈઝાબાદ રોડ પર શોરૂમ પણ છે. આ સાથે બંને ભાઈઓ છેલ્લા કેટલાક સમયથી પ્રોપર્ટીના કામમાં પણ જોડાયેલા હતા. તેમાંથી એક ભાઈ જાજમાઉ શહેરમાં અને બીજો ભાઈ નવાબગંજ વિસ્તારમાં કામ કરે છે.

### શક્તિસિંહ દ્વારા પક્ષમાં પ્રાણ ફૂંકવાની કવાયત

# રાજ્યભરમાં રાજીવ ગાંધી ભવન બનાવવા કોંગ્રેસનો નિર્ણય

## દરેક જિલ્લા અને તાલુકામાં કોંગ્રેસ કાર્યાલય બનાવાશે

અમદાવાદ, તા.૨૨

ગુજરાત કોંગ્રેસના નવા પ્રમુખ તરીકે શકિતસિંહ ગોહિલે જવાબદારી સંભાળ્યા બાદ કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કોંગ્રેસ હાઈકમાન્ડે કમલમની જેમ ગુજરાતભરમાં રાજીવ ગાંધી ભવન બનાવવાનો નિર્ણય લીધો છે. હાઈકમાન્ડે ગુજરાતના દરેક જિલ્લા અને તાલુકામાં કોંગ્રેસ કાર્યાલય બનાવવાનો નિર્ણય લીધો છે.

ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓ આજે દિલ્હીમાં છે. દિલ્હી ખાતે ગુજરાત કોંગ્રેસના નેતાઓની બેઠક યોજાઈ હતી.

કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલ અને એઆઈસીસીના ખજાનચી પવન બંસલની અધ્યક્ષતામાં આ મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત કોંગ્રેસની નવી 'શક્તિ' એટલે કે નવા પ્રમુખ શકિતસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર, અમિત ચાવડા, પરેશ ધાનાણી જેવા નેતાઓ હાજર રહ્યા હતા. વિધાનસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસના અનેક સિનિયર નેતાઓ ભાજપમાં જોડાઈ ગયાં છે.

કોંગ્રેસના તાકાતવર નેતાઓ ભાજપમાં જોડાઈ જવાથી આ વખતે કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. રાજ્યમાં પરાજય પાછળ આમ આદમી પાર્ટી પર આંગળીયો ચિંધવામાં આવે છે પરંતુ કોંગ્રેસના સ્થાનિક અને સિનિયર નેતાઓ વચ્ચે વધી રહેલી ટાંટિયાખેંચને કારણે પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો હોવાનું પણ જુના કાર્યકરો જણાવી રહ્યાં છે.

### નેશનલ પેન્શન સ્કીમમાં મોટા ફેરફારની કેન્દ્રની વિચારણા

# લઘુત્તમ પેન્શન છેલ્લા પગારના ૪૦-૪૫% સુધી કરવામાં આવશે

## પેન્શનમાં છેલ્લા પગારના ૪૦% પેન્શન સુનિશ્ચિત કરાય તો તેના પર ૨% રકમનો વધારાનો બોજ પડશે

નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્ર સરકાર હાલની નેશનલ પેન્શન સ્કીમ (એનપીએસ)માં મોટા ફેરફારો કરવા પર વિચાર કરી રહી છે. આ હેઠળ લઘુત્તમ પેન્શન છેલ્લા પગારના ૪૦-૪૫% સુધી હોઈ શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે એપ્રિલ મહિનામાં જૂની પેન્શન યોજના (ઓપીએસ)ની સમીક્ષા કરવા માટે નાણાં સચિવ ટીવી સોમનાથનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી હતી.

કેન્દ્રએ વર્ષ ૨૦૦૪થી ઓપીએસનાબૂદ કરીને એનપીએસલાગુ કર્યું હતું. આ હેઠળ કર્મચારી તેના મૂળ પગારના ૧૦% તો સરકાર પેન્શન ફંડમાં ૧૪% યોગદાન આપે છે.

એનપીએસની રકમનું બજારમાં રોકાણ કરવામાં આવે છે અને તેના રિટર્નના આધાર પર પેન્શનની રકમ નિર્ભર કરે છે. બીજી તરફ ઓપીએસહેઠળ લઘુત્તમ પેન્શન છેલ્લા પગારના ૫૦% છે. વર્તમાન પેન્શનમાં કર્મચારીઓને છેલ્લા પગારના લગભગ ૩૮% સુધી પેન્શન મળે છે.

જો સરકાર ૪૦% પેન્શન સુનિશ્ચિત કરે તો તેના પર ૨% રકમનો વધારાનો બોજ પડશે. જો કે, જો બજારમાં રોકાણ પરનું વળતર ઘટશે તો પેન્શનના કારણે સરકાર પર બોજ વધશે.

નાણા મંત્રાલય એવો રસ્તો અપનાવવા માંગે છે જેના હેઠળ પેન્શનનો બોજ સરકાર પર ઓછામાં ઓછો પડે. એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે સરકાર જે પેન્શન સ્કીમ લાવશે તેને મોંઘવારી ભથ્થા સાથે જોડવામાં નહીં આવશે. વિપક્ષ શાસિત રાજ્યોમાં જૂના પેન્શનના અમલને કારણે દબાણ વધ્યું છે. રાજસ્થાન, પંજાબ, ઝારખંડ અને હિમાચલ પ્રદેશમાં ઓપીએસલાગુ કરવાની જાહેરાત બાદ કેન્દ્ર પર બીજી આકર્ષક પેન્શન યોજના લાવવાનું દબાણ વધ્યું છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, લોકસભા ચૂંટણી પહેલા કેન્દ્ર નવી યોજનાની જાહેરાત કરી શકે છે.

### પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાનનો વધુ એક ખુલાસો

# ભારત સાથે કાશ્મીર મામલે મંત્રણા થવાની હતી : ઈમરાનખાન

## ઇમરાન ખાને અમેરિકન થિંક ટેન્ક એટલાન્ટિક કાઉન્સિલને આપેલા ઈન્ટરવ્યુમાં ઉપરોક્ત દાવા કર્યા

ઈસ્લામાબાદ, તા.૨૨

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાનખાને દાવો કર્યો છે કે જ્યારે તેઓ સત્તામાં હતા ત્યારે ભારત સાથે કાશ્મીર સમસ્યાના ઉકેલ માટે કામ કરી રહ્યા હતા. આ અંતર્ગત ભારત સરકાર કાશ્મીર મામલે એક રોડમેપ રજૂ કરવાની તૈયારીમાં હતી અને પ્રધાનમંત્રી ઈસ્લામાબાદની મુલાકાત પણ કરવાના હતા.

તેમણે દાવો કર્યો હતો કે આ શાંતિ પ્રસ્તાવને પાકિસ્તાનના તત્કાલિન આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવાનું સમર્થન હતું. એટલું જ નહીં, ઓગસ્ટ ૨૦૧૯માં જ્યારે ભારતે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરી હતી ત્યારે પણ પાકિસ્તાન આ દિશામાં આગળ વધવા માગતું હતું. ઈમરાન ખાને અમેરિકન થિંક ટેક્ર એટલાન્ટિક કાઉન્સિલને આપેલા ઈન્ટરવ્યુમાં ઉપરોક્ત દાવા કર્યા છે. .

બાજવા સાથે ઈમરાન ખાનના સંબંધો હવે પહેલા જેવા નથી રહ્યા. પાકિસ્તાની સેનાએ ઈમરાન ખાન સરકાર પાસેથી સમર્થન પાછું ખેંચ્યું ત્યારથી બાજવા સાથેના તેમના સંબંધો બગડ્યા છે. ઈમરાન ખાને ઈન્ટરવ્યુ દરમિયાન કમર જાવેદ બાજવાના નિવેદનની પણ ટીકા કરી હતી, જેમાં તેણે કહ્યું હતું કે પાકિસ્તાનની સેના ભારત સાથે મુકાબલો કરવા માટે તૈયાર નથી અને તેની પાસે હથિયારોની અછત છે.

હાલમાં ઈમરાન ખાન અને સૈન્ય વચ્ચેના સંબધો ખરાબ રીતે વણસી ગયા છે. સેનાએ સમર્થન પાછું ખેંચ્યું ત્યારથી પાકિસ્તાનમાં ગઠબંધન સરકાર સત્તામાં છે અને ગયા વર્ષે અવિશ્વાસ પ્રસ્તાવમાં પરાજય થતાં ઈમરાન ખાનને પદ છોડવું પડ્યું હતું. પૂર્વ પીએમએ કહ્યું કે બાજવા કાશ્મીર અંગેની યોજના પર સહમત થયા હતા. તેમના અનુસાર લાઈન ઓફ કંટ્રોલ પર યુદ્ધવિરામ, વેપાર માટે વાટાઘાટો શરૂ કરવી અને ભારતીય પીએમની પાકિસ્તાન મુલાકાતનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ઈમરાન ખાને કહ્યું કે કમર જાવેદ બાજવા સૈન્ય કાર્યવાહી દ્વારા કોઈ પણ મુદ્દાને ઉકેલવામાં માનતા નથી. ઈમરાન ખાને જણાવ્યંસ હતું કે ભારત અમને કંઈક રાહત આપતું અને કાશ્મીરને લઈને એક રોડમેપ રાજુ થતો. હું પાકિસ્તાનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આવકારવાનો હતો.

જોકે તેમણે જણાવ્યું હતું કે આ યોજના ક્યારેય આગળ વધી શકી નહી. અત્રે નોંધનીય છે કે તાજેતરમાં પાકિસ્તાની મીડિયામાં આવા ઘણા અહેવાલો આવ્યા છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે બાજવા કાશ્મીરને લઈને ભારત સાથે કોઈ ડીલ કરવા ઈચ્છે છે.

આ અંતર્ગત ભારતના પીએમની ઈસ્લામાબાદ મુલાકાતનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો હતો. હાલમાં ઈમરાન ખાનના દાવા પર ભારત તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. આ બાબતને લઈને ભારતે અગાઉથી સ્પષ્ટ કહી દીધું છે કે પાકિસ્તાને કોઇપણ જાતની ચર્ચા માટે સરહદપારના આતંકવાદ પર પ્રતિબંધ મુકવો પડશે ત્યારબાદ જ વાત આગળ વધશે.

### પ્રોફિટ બુકિંગના દબાણથી માર્કેટમાં ભારે વોલેટિલિટી

# વૃદ્ધિનો સિલસિલો અટક્યો, સેન્સેક્સ ૨૮૪ પોઈન્ટ ઘટી બંધ

## નિફ્ટી ૧૮૮૦૦ પોઈન્ટની નીચે આવ્યો, ભારે અફરા તફરી બાદ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાન સાથે બંધ થયા

મુંબઈ, તા.૨૨

સ્થાનિક શેરબજાર (ભારતીય શેરબજાર)માં બે દિવસથી ચાલુ રહેલ વૃદ્ધિની પ્રક્રિયાનો આજે અંત આવ્યો છે. બીએસઈનો ૩૦ શેરનો સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ ૨૮૪.૨૬ પોઈન્ટ અથવા ૦.૪૫% ઘટીને ૬૩,૨૩૮.૮૯ પોઈન્ટ પર બંધ થયો છે.

એ જ રીતે એનએસઈનિફ્ટી ૮૫.૬૦ પોઈન્ટ એટલે કે ૦.૪૫%ના ઘટાડા સાથે ૧૮,૭૭૧.૨૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. આજે ઈન્ડિયા સિમેન્ટના શેરના ભાવમાં છ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

આજે બીએસઈસેન્સેક્સ પર બજાજ ફાઈનાન્સ શેરનો ભાવ ૨.૩૪ ટકા ઘટીને બંધ થયો હતો. એ જ રીતે, ટાટા મોટર્સ શેરનો ભાવ ૨.૦૫ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૯૮ ટકા, પાવરગ્રીડ શેરનો ભાવ ૧.૬૭ ટકા અને એનટીપીસીશેરનો ભાવ ૧.૪૭ ટકા ઘટીને બંધ રહ્યો હતો. એ જ રીતે એનટીપીસી (એનટીપીસી શેર પ્રાઈસ), ઈન્ફોસીસ (ઈન્ફોસીસ), નેસ્લે ઈન્ડિયા (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ), અલ્ટ્રાટેક સિમેન્ટ (અલ્ટ્રાટેક સિમેન્ટ) અને ઈન્ડસઈન્ડ બેંક (ઈન્ડસઈન્ડ બેંક)ના શેર એક ટકાથી વધુ ઘટીને બંધ થયા હતા.

આજે લાર્સન એન્ડ ટુબ્રોના શેર ૦.૯૫ ટકા, ટાટા સ્ટીલના શેર ૦.૭૩ ટકા, એચડીએફસીના શેર ૦.૬૨ ટકા અને ભારતી એરટેલના શેર ૦.૫૫ ટકા વધીને બંધ થયા હતા. આ સિવાય એચડીએફસી બેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને ટાઈટનના શેર પણ ઉછાળા સાથે બંધ થયા હતા.

પ્રોફિટ બુકિંગના દબાણને કારણે આજે માર્કેટમાં ભારે વોલેટિલિટી જોવા મળી હતી. નેગેટિવ ઓપનિંગ સાથે નિફ્ટી એક સમયે ૧૮,૮૮૭.૬૦ પોઈન્ટની વિક્રમી સપાટીએ પહોંચી ગયો હતો. તે જ સમયે, સેન્સેક્સ પ્રારંભિક કારોબારમાં ૬૩,૬૦૧.૭૧ પોઈન્ટની વિક્રમી સપાટીએ પહોંચી ગયો હતો. જોકે બપોર અને ત્યારપછીના સેશનમાં માર્કેટમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું.

આજના સત્રમાં તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાન સાથે બંધ થયા હતા. પીએસયુબેંક અને પાવર સેક્ટર સાથે સંબંધિત ક્ષેત્રીય સૂચકાંકો એક-એક ટકા ઘટીને બંધ થયા છે. તે જ સમયે, ઑઈલ એન્ડ ગેસ, મેટલ, એફએમસીજી, ફાર્મા અને આઈટી ૦.૫-૦.૫ ટકા સુધી તૂટ્યા છે.

### ગુજરાત હાઈકોર્ટની વધુ એક આવકાર્ય પહેલ

# રાજ્યની તમામ કોર્ટ માટે ઈ-આરટીઆઈ પોર્ટલ લોન્ચ

## આ પોર્ટલ પરથી અરજદાર આરટીઆઈની ઓનલાઈન અરજીઓ, આરટીઆઈની ફર્સ્ટ અપીલ કરી શકશે

અમદાવાદ, તા.૨૨

ગુજરાત હાઈકોર્ટની આઈટીકમિટી અને રુલ્સ કમિટીના નિર્દેશોથી આઈટીસેલ દ્વારા વધુ એક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યુ છે. રાજયની તમામ કોર્ટ માટે ઈ-આરટીઆઈપોર્ટલ લૉન્ચ કરાયું છે. આ પોર્ટલ પરથી અરજદાર આરટીઆઈની ઓનલાઈન અરજીઓ, આરટીઆઈની ફર્સ્ટ અપીલ કરી શકશે તેમજ અરજદાર આરટીઆઈઅરજીનું સ્ટેટસ પણ ઓનલાઈન જાણી શકશે.

ગુજરાત હાઈકોર્ટના ઍક્ટિંગ ચીફ જસ્ટિસ, આઈટીકમિટી અને રુલ્સ કમિટીના નિર્દેશોથી રાજયની તમામ હાઈકોર્ટમાં e-આરટીઆઈપોર્ટલ લોન્ચ કરવામાં આવ્યુ છે જેમાં અરજદાર આરટીઆઈની ઓનલાઈન અરજીઓ, આરટીઆઈની ફર્સ્ટ અપીલ કરી શકશે અને અરજદાર આરટીઆઈઅરજીનું સ્ટેટસ પણ ઓનલાઈન જાણી શકશે. આ ઉપરાંત અરજદારને જવાબ પણ ઈમેઈલ અને મેસેજ મારફતે આપવામાં આવશે. આ માટે અરજદારે હાઈકોર્ટની વેબસાઈટ પર આરટીઆઈપોર્ટલ પર પોતાના ઈ-મેઈલ અને મોબાઈલ નંબરથી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કર્યા બાદ અરજદાર ઓનલાઈન આરટીઆઈકરી શકશે. આ માટે અરજદારે ઓનલાઈન અરજી માટે નિયત કરેલો ચાર્જ ઓનલાઈન ચૂકવવાનો રહેશે.

અરજદારે હાઈકોર્ટની વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવુ પડશે જેમા અરજદારે પોતાનું એક આઈડી પ્રુફ તેમજ ૧એમબીની સાઈઝમાં અપલોડ કરવાનું રહેશે. આ અરજી ફાઈલ થયા બાદ એક રેફરન્સ નંબર મળશે જે અરજદારે સાચવીને રાખવો પડશે. ઓનલાઈન અરજીમાં બીપીએલકાર્ડધારકોએ તેની સર્ટિફાઈડ કે ટ્રૂ કોપી અથવા ઓથોરિટીએ આપેલ સર્ટિફિકેટ અપલોડ કરવાનું રહેશે. અરજી કર્યા બાદ પબ્લિક ઈન્ફોર્મેશન ઓફિસર દ્વારા તેનો જવાબ ઓનલાઈન જ આપશે. આ જવાબના ૩૦ દિવસની અંદર જ અપીલ પણ થઈ શકશે. જેનો અપીલ નંબર પણ મળશે.

# બાબરાનાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૨ કેન્સર પીડિતોને આર્થિક સહાયનો ચેક અર્પણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી જિલ્લાના કેન્સર પીડિત દર્દીઓને રૂા. ૧૦.૦૦૦ ની આર્થિક સહાય આપવામાં આવે છે. જે સહાય દર્દીઓના ઘરે જઈ જિલ્લા પંચાયતના સભ્ય દ્વારા આપવામાં આવે છે હાલ સમગ્ર જિલ્લામાં ૨૦૦ જેટલા કેન્સર પીડિત પરિવારને આર્થિક સહાય રકમના ચેક આપવામાં આવ્યા છે. જેમાં બાબરા તાલુકાના ૨૨ જેટલા કેન્સર પીડિત પરિવારને આર્થિક રકમના ચેક આપવામાં આવ્યા છે.બાબરા તાલુકાના કરિયાણા બેઠકના જિલ્લા પંચાયતના સભ્ય અને કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા જણાવ્યું હતું કે સમગ્ર રાજયમાં માત્ર અમરેલી જિલ્લા પંચાયતના સ્વભંડોળ માંથી કેન્સર પીડિત દર્દીઓને રૂા. ૧૦.૦૦૦ ની આર્થિક સહાય આપવમાં આવે છે અન્ય કોઈ જિલ્લા પંચાયતમાં આવી વ્યવસ્થા કરેલ નથી. બાબરા તાલુકાના દરેડ, કરીયાણાં, ખંભાળા, વાંકીયા, ઉંટવડ, ચરખા, અમરાપરા, ઈંગોરાળા, વાવડા, કલોરાણા, ચમારડી શીતમાં ગ્રામ્ય વિસ્તારમાં કેન્સર પીડિત પરિવારના જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા ઘરે જઈ આર્થિક સહાય ચેક આપવામાં આવ્યા હતા. આ તકે સ્થાનિક અગ્રણીઓમાં વિપુલભાઈ કાચેલા, હરેશગીરી ગોસાઈ, માવજીભાઈ ડાભી, કાળુભાઈ ડાંગર, ભરતભાઈ બુટાણી, અશોકભાઈ અસલાલીયા, શિવરાજભાઈ વાળા, ગોબરભાઈ મીઠાપરા, ભીખાભાઈ સહિત ગામના સરપંચ અને તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૦૦૦૧ થી ૯૯૯૯ નંબરો માટે પ્રક્રિયા શરૂ

## અમરેલી : એઆરટીઓ કચેરીમાં કાર અને ટ્રેકટર માટે GJ-14 BD, BA, AP ની ઇ–ઓકશન પ્રક્રિયા શરૂ

### ઇ–ઓકશન માટે બિડિંગ સમય ૧ થી ૩ જુલાઇ રહેશે

અમરેલી, તા. ૨૨

એ.આર.ટી.ઓ–અમરેલી દ્વારા મોટરકાર અને ટ્રેકટર માટેની સીરીઝ GJ-14 BD, BA, AP ૦૦૦૧ થી ૯૯૯૯ નંબરો માટે ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૨૯ જુનથી (૪ વાગ્યાથી) તા.૧ જુલાઈ, ૨૦૨૩ (૪ વાગ્યા સુધી) સુધી કરી શકાશે. ઈ–ઓકૂશન માટે બિડિંગ સમય તા.૧ જુલાઈ,૨૩ થી તા.૩ જુલાઈ,૨૩ (૪ વાગ્યા સુધી) સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા.૩ જુલાઈ, ૨૩ના રોજ જાહેર કરવામાં આવશે. ઓનલાઈન ઓકશનમાં ભાગ લેવા માટે ભાગ લેનારે ઓનલાઈન http://parivan.gov.in/parivahan પર નોંધણી કરાવીને યુઝર આઈ ડી, પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી પ્રક્રિયામાં ભાગ લેવો, ચુકવણુ કરવું, વાહન નંબર મેળવવો. વાહન ખરીદીના સાત (૦૭) દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ (૦૫) દિવસમાં નાણાં જમા કરાવાના રહેશે. અરજદાર જો આ નિયત સમય મર્યાદામાં નાણા ચુકવવામાં નિષ્ફળ જાય તો મુળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

ઓનલાઈન ઓકશન દરમિયાન અરજદારે આર.બી.આઈઉ દ્વારા નક્કી દરે ચાર્જ ચૂકવવો. હરાજીમાં નિષ્ફળ ગયેલા અરજદારને નાણાની ચૂકવણી માટે હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીનાં નાણા દિન–૫માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુએલ પદ્ધતિ પ્રમાણે નામા પરત કરવાના રહેશે, એટલે કે, નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ,થી ચુકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના તે જ ખાતામાં એસ.બી.આઈ, ઈ–પેમેન્ટ દ્વારા પરત કરવામાં આવશે. આ હેતુ માટે ઓનલાઈન એમ.આઈ.એસથી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી બેંકને જાણ કરવાની રહેશે.

વધુમાં ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટયુબમાં ઈ–ઓકશન, આર.ટી.ઓ. ગુજરાત સર્ચ કરી વીડિયો મેળવી શકાશે. વધુમાં ઈનવોઈસ અથવા વિમાની તારીખ બે માંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી માટે કચેરીના હેડ કલાર્કનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ડો શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્તે

## બાબરામાં પંચકુંડ નીલકંઠ મહાદેવના સાનિધ્યમાં રવિવારે મહા રકતદાન કેમ્પનું આયોજન

### બાબરા શહેર અને તાલુકા યુવા ભાજપ દ્વારા આયોજન કરાયું

બાબરા, તા. ૨૨

ભારતીય જનસંઘના સંસ્થાપક ડો શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિતે સમગ્ર રાજયમાં રકતદાન સહિતના વિવિધ સેવાકીય અને સામાજિક કાર્યક્રમ પ્રદેશ ભાજપના નેતૃત્વમાં કરવામાં આવશે. ત્યારે બાબરામાં શહેર અને તાલુકા યુવા ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસની યાદમાં આગામી તા. ૨૫ જૂન અને રવિવારના રોજ સમય સવારે ૯ કલાકથી બપોરના ૧ વાગ્યા સુધી અહીં પંચકુંડે શ્રી નીલકંઠ મહાદેવના સાનિધ્યમાં મહા રકતદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બાબરા શહેર અને તાલુકા યુવા ભાજપ દ્વારા આયોજિત મહા રકતદાન કેમ્પમાં પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. પ્રશાંતભાઈ કોરાટ, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાંસદ નારણભાઈ કાછડિયા, ધારાસભ્ય જનકભાઈ તલાવીયા, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ શિયાળ સહિત જિલ્લા અને તાલુકા ભાજપના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહે છે.

બાબરા શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા અને તાલુકા યુવા ભાજપ પ્રમુખ અમરશીભાઈ વાઘેલા દ્વારા શહેર અને તાલુકાની જનતાને રકતદાન કરવા નમ્ર અપીલ કરેલ છે.

## પ્રેમપરા ખાતે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ મંડળ ટ્રસ્ટની કારોબારી બેઠક મળી



ધારી, તા. ૨૨

તાજેતરમાં ધારીના પેમપરા ખાતે શ્રી સમસ્ત વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ ધારીની એક કારોબારી બેઠક મળી. જેમાં ટ્રસ્ટના હોદેદાર, સહહોદેદારો તેમજ કારોબારી સભ્યો ઉપસ્થિત રહેલ.

જેમાં મહેન્દ્રભાઈ ગોંડલિયાના પ્રમુખ સ્થાને બેઠકમા મંજૂર કરવામાં આવેલ કે આગામી જુલાઈ મહિનાનાં અંત સુધીમાં સાતમો વિધાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવશે. જેમા જ્ઞાતિના ૨૦૨૩મા બાલમંદિરથી કોલેજ સુધીનાં ઉચ્ચ ગુણવત્તા પ્રાપ્ત કરેલ ૧/૨/૩ના વિધાર્થીઓનુ વિશેષ સન્માન તેમજ પાસ થયેલા તમામ વિધાર્થીને શૈક્ષણિક કીટ સાથે પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ સાથે લાલજીભાઈ કટકીયાના સંબોધનમા જણાવ્યું કે આયોજનને સફળ બનાવવા માટે જ્ઞાતિના સહયોગ અંતર્ગત આગામી દિવસોમાં સમસ્ત વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ ધારીની એક જનરલ મીટીંગ રાખવામાં આવશે. તેવુ મહામંત્રી પ્રજાપતિ વિનોદ સરવૈયાની યાદીમાં જણાવાયું.

## અમરેલી ખાતે રવિવારે સમસ્ત કોળી સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

અમરેલી, તા. ૨૨

અમરેલી ખાતે અમરેલી જિલ્લા કોળી સમાજ કર્મચારી મંડળ દ્વારા અમરેલી જિલ્લા કોળી સમાજનાં તેજસ્વી વિદ્યાર્થી સન્માન જૂનાગઢ આલ્ફા હાઈસ્કૂલ સંચાલક જી.પી. કાઠીનાં પ્રમુખસ્થાને આયોજન કરવામાં આવેલ છે. આ સમારંભમાં ધો.૫ થી ઉચ્ચ અભ્યાસ કરતા ૨૫૦થી વધુ સંખ્યામાં પોતાની માર્કશીટ આપેલ. તેનું સન્માન અને ઈનામો આપવામાં આવશે. આ સમારંભનું સ્થળ બાળ હનુમાન મંદિર, કૈલાશ મુકિતધામ સામે સવારના ૧૦ કલાકે સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓ ભોજન સમારંભમાં ભાગ લેશે.

આ તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભનું આયોજન અરવિંદભાઈ સાકરીયા, રમેશભાઈ ગોહિલ, પરશોતમભાઈ મકવાણા, ભીખુભાઈ પી. મકવાણા, આશિષ મકવાણા જહેમત ઉઠાવી રહ્યાં છે.

### મળવા જેવા માનવી

## નાના માચીયાળાનાં નલિનભાઈ ત્રિવેદી(નલિનબાપુ)




મહાન સાહિત્યકારોની કર્મભૂમિ અને લોકભારતી જેવી શ્રેષ્ઠ સંસ્થા ત્યાં કાર્યરત છે તે સિંહોર તાલુકાનું સણોસરા ગામ સાહિત્ય ખેડાણ ભૂમિ પણ છે.


અહીં પરમ રાષ્ટ્ર ભકત વિદ્વાન બ્રહ્મ પરિવારમાં છોટુભાઈ અને યશોમતી બહેનના સાદગી અને ભકિતભાવ ભર્યા જીવનમાં તારીખ૨૬/ ૬/ ૫૦ના રોજ સોનાનો સુરજ ઉગ્યો એક તેજસ્વી લલાટવાળા પુત્ર રત્નનો જન્મ થયો. નાનકડા ગામમાં હરખની હેલી વરતાણી ગોળધાણા વહેચાયા આનંદ આનંદ વર્તાણો શુભ અમૃત ચોઘડિયામા બાળકનું નામકરણ થયું.'નલિન' નિત્ય નૂતન વિચારોના અમલીકરણ કરશે તેવી ભવિષ્યવાણીથી શેરી મિત્રો સાથે ધોરણ એક થી ત્રણનું ગામઠી શાળ ા સણોસરામાં શિક્ષણ મેળવ્યુ.

પરંતુ દિવસ ઉગે અને નવી નવી ફરિયાદો આવવા લાગી. આપણા નલીનભાઈ એટલા બધા તોફાની કે શાળાના આચાર્ય અને સ્ટાફના તમામ શિક્ષકો આવા તોફાની વિદ્યાર્થીથી કંટાળી જઈ પિતાને ફરિયાદ કરવા આવતા આમના તોફાનથી કંટાળી જઈ ' પારકી મા કાન વીંધે' તેવું માની માતા પિતાએ જુદા જુદા સગા સંબંધીઓને ત્યાં મોકલી આપ્યા. ધોરણ ચારથી નવ લાઠી જીલ્લો અમરેલીમાં ધોરણ ૧૦ ગારીયાધાર અને ધોરણ ૧૧ ઓલ્ડ એસએસસી સણોસરાથી પાસ કરી વડિયા અધ્યાપન મંદિરમાં પીટીસી કર્યુ. તારીખ ૪/૦૯/ ૧૯૬૯ થી વાંડળીયા તાલુકો બાબરામાં પ્રાથમિક શિક્ષક તરીકે સેવા પ્રારંભ કર્યો. પોતાના સ્વભાવ મુજબ ઉત્તમ શિસ્તનું પાલન કરવું અને કરાવવું તેમ જ રાષ્ટ્રભકિત જેવા સદ્‌ગુણોને વિદ્યાર્થીઓમાં સિંચન કર્યુ. જેને કારણે વિદ્યાર્થીઓને થતી શિક્ષાને કારણે વાલીઓ સાથે સીધા સંઘર્ષમાં આવ્યા .

અજ્ઞાન વાલીઓ ઝઘડાખોર માનસ ધરાવતા સાથે ઘણો સંઘર્ષ સહન કરતા ફરજમાં ચુસ્ત રહ્યા. તારીખ ૭ /૧૨/ ૧૯૭૨ના રોજ અમરેલી નિવાસી અને પ્રાથમિક શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ચંદ્રિકાબેન ભાનુશંકર રાજયગુરૂની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સાથેના જીવનથી સેવા, રાષ્ટ્રપ્રેમ, અને સનાતન ધર્મમય જીવન પસાર થવા લાગ્યુ.

૧૯૭૧ થી ૨૦૦૮ સુધી લાઠી તાલુકાના દેરડી જાનબાઈ ગામના પરમ વિદ્વાન શુદ્ધ બ્રહ્મદેવ પરમ પૂજય નાથા બાપાએ માનસ પુત્ર માની સંસ્કારોનું સિંચન કર્યુ. તારીખ ૩૧/ ૧૦/ ૯૦ ના રોજ(૧૮ વર્ષની નોકરી બાકી હોવા છતાં) ગુરૂ પ્રસન્નનાર્થે ગૌસેવા, માનવસેવા અને રાષ્ટ્રસેવા અર્થે સ્વૈચ્છિક રાજીનામું આપ્યું. પ્રવર્તમાન કટર રાષ્ટ્રીય સંતની પૂર્ણ કૃપા થતાં અયોધ્યા મુકામે રામ–લલ્લા ટેન્ટમાં બિરાજમાન હતા. ત્યારે એટલે કે ૨૦૧૯ માં અમરેલી થી અયોધ્યા સુધી પગપાળા યાત્રા કરી અને પરત આવ્યા બાદમાં પરમ પૂજય સંત શ્રી આત્માનંદ સરસ્વતીના આશીર્વાદ મેળવી તારીખ ૧૨/ ૧૨/ ૨૦૨૨ ના રોજ ૯ ભીષ્મ પ્રતિજ્ઞા (Whatsapp અને પત્રિકા દ્વારા) જાહેર કરી અમલવારી શરૂ કરી ૧૧ વર્ષ ૧૧ માસ ૧૧ દિવસ દરમિયાન ૧૧ કરોડ ૧૧ લાખ ૧૧ હજાર ૧૧૧ રામ મંત્ર લેખન અયોધ્યાના રામ મંદિરના ભવ્ય અને નવ્ય રામ મંદિરના પુણ્યાર્થે રામ મંદિર નાના માચીયાળા ગામમાં બનાવવાનો શુભ સંકલ્પ જાહેર કર્યો. તારીખ. ૨૫/૦૬/૨૦૨૩ ના રોજ પોતાના જન્મદિવસે નાના માચીયાળા સ્થિત પોતાનો આશ્રમ એક સુપાત્ર, વિદ્વાન, ભાગવતાચાર્ય બ્રહ્મદેવના હાથમાં સોંપી નિવૃત્ત થવાની ઈચ્છા છતા સમગ્ર ગામના પરિવારોના પ્રેમ આગ્રહથી પોતે સ્થાપેલ 'પંચતિર્થ' નામના અન્ય આશ્રમમાં નિવૃત્ત જીવન રાષ્ટ્રસેવામાં વિતાવવાનો નિર્ણય જાહેર કરેલ છે. પરમ કૃપાળુ ભગવાન રામચંદ્રજી તેમનું શેષ જીવન દીર્ઘાયુ, નિષ્કલંક, નિરોગી, અને રાષ્ટ્રભાવનાથી ભરપુર વિતાવે તેવી પ્રાર્થના સહ વંદન.

# APM ટર્મિનલ્સ પિપાવાવે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી



પિપાવાવ પશ્ચિમ ભારતમાં અગ્રણી પોર્ટ પ્રવેશદ્વાર એપીએમ ટર્મિનલ્સ પિપાવાવે નજીકનાં ગામનાં લોકો અને વિદ્યાર્થીઓને સામેલ કરીને વિવિધ કાર્યક્રમો અને વેબિનાર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. પોર્ટે એકંદર સુખાકારી અને આરોગ્યપ્રદ જીવનશૈલી માટે યોગનાં મહત્વને પ્રોત્સાહન આપવા સમુદાયને સહભાગી બનાવ્યો હતો. આ પ્રસંગે પોર્ટે યોગનો લાભ થાય તે રીતે સંખ્યાબંધ કાર્યક્રમોનું આયોજન કર્યુ હતું. પોર્ટ પાસેનાં ૪૫ ગામડાંમાં યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રોમાં વિદ્યાર્થીઓ સહિત આશરે ૪૦૦૦ સહભાગીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત તંદુરસ્ત જીવનશૈલી માટે યોગનાં મહત્વ પર પ્રકાશ પાડતો વેબિનાર પણ યોજવામાં આવ્યો હતો. કવિતાલેખન, પોસ્ટર મેકિંગ અને નિબંધલેખન સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને સર્જનાત્મક બનવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પહેલનો હેતુ યુવા માનસમાં યોગનાં મહત્વથી પ્રેરિત કરવાનો અને કવિતાની કળા દ્વારા પોતાના વિચારો વ્યકત કરવાનો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી પોર્ટની આસપાસ રહેતાં સમુદાયમાં સુખાકારી અને સંપૂર્ણ જીવનશૈલની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની પોર્ટની પહેલ પ્રદર્શિત કરે છે. ગ્રામવાસીઓ, વિદ્યાર્થીઓ અને સ્થાનિક હિતધારકોને સક્રિય રીતે જોડીને પોર્ટે આરોગ્યપ્રદ અને વધુ સંતુલિત જીવન માટે યોગ અપનાવવા પ્રોત્સાહન આપીને સક્રિય ભૂમિકા ભજવી છે.

# અમરેલી ખાતે ''ઈન્ટરનેશનલ યોગા ડે''ની ક્રિએટિવ યોગા ગૃપના બહેનો દ્વારા ઉજવણી



અમરેલી ખાતે તા. ૨૧ જૂનના ઈન્ટરનેશનલ યોગા ડે નિમિતે સમર્થ વ્યાયામ મંદિરમાં ક્રિએટિવ યોગા ગૃપનાં બહેનો ધ્વારા વિશિષ્ઠ ઉજવણી કરાઈ. વર્ષોથી સમર્થ વ્યાયામ મંદિર (અખાડા)માં બહેનોનાં યોગા વર્ગ ચાલી રહ્યા છે. જેમાં દર વર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ બહેનો ધ્વારા તા. ૨૧ જૂનના વિશ્વ યોગા દિવસની ઉજવણી કરવામાં આવી. જે અન્વયે વિવિધ યોગા આસનોની કવીઝ યોગાસનની ગેઈમ તથા તેના લાભને પ્રાયોગિક રીતે સમજણ આપવામાં આવી તથા યોગ અને પ્રાણાયામને લગતી પ્રવૃત્તિ કરવામાં આવી. જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. આ યોગા વર્ગમાં પારૂલબેન ગાંધી, મમતાબેન મહેતા, સંગીતાબેન જીવાણી તથા માધવીબેન ભટ્ટ સેવા આપી રહ્યા છે. જેમને સંસ્થા, સંચાલકો અને ટ્રસ્ટી મંડળનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

### સ્થાનિક પોલીસે બાતમીનાં આધારે દરોડો પાડયો

## ગીરગઢડાનાં જરગલી ગામે જાહેરમાં જુગાર રમતાં ૭ પત્તાપ્રેમી ઝડપાયા

### ૬ મહિલા અને ૧ પુરૂષ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

ઉના, તા. ૨૨

ગીરગઢડા પોલીસ સ્ટાફ જરગલી ગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય ત્યારે જાહેરમાં જુગાર રમતા હોવાની પોલીસને બાતમી મળતા ખોડિયારનગર વિસ્તારમાં આવેલ બાટલીવાળી જગ્યાએ રેઈડ કરતા ભુપતભાઈ ભીમભાઈ પરમાર, ભાવનાબેન રાણાભાઈ પરમાર, કમબેન આતુભાઈ પરમાર, લલીતાબેન નાથાભાઈ રાઠોડ, પુનીબેન ઉર્ફે ઝીણીબેન માનભાઈ પરમાર, જયાબેન જીતુભાઈ પરમાર, લલીતાબેન ઉર્ફે ખીમીબેન નાનજીભાઈ સોસા, રહે. તમામ જરગલી તાલુકો ગીરગઢડાવાળાઓ મળી કુલ સાત જુગારીઓને ૧૧,૫૨૦નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

પાના ૮ ઉપરનું ચાલું **ગરીબોનાં હકકનું અનાજ**

કિલો કિંમત આશરે રૂા. ૫,૦૫,૫૫૧નો જથ્થો છુપાવ્યો હોવાની બાતમી મામલતદારને મળતાં મામલતદાર તથા પુરવઠાની ટીમ ત્યાં ત્રાટકી હતી અને ઝડપાયેલ શંકાસ્પદ ઘઉં તથા ચોખાનાં નમૂના લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.

અમરેલી જિલ્લામાં અનેક વખત ગરીબોને આપવાનાં રેશનીંગનો જથ્થો બારોબાર કાળા બજારમાં વેચાતો હોય છે અને ગરીબોનાં હકકનું અનાજ મોટા આખલાઓ ખાઈ જતાં હોય. ત્યારે જિલ્લા કલેકટર ધ્વારા આવા ગરીબોનાં હકક ઉપર તરાપ મારતા શખ્સો સામે કાયદાકીય પગલા ભરવા જોઈએ તેવી માંગ પણ ઉભી થવા પામી છે.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલામાં બાયપાસમાં પણ ગાબડા**

થઈ જાય. આ બાયપાસ બનાવનારી જે કોન્ટ્રાકટ કંપની છે તેના સુપરવાઈઝર લગભગ દરરોજ આ બાયપાસનું નિરીક્ષણ કરવા માટે નીકળતા હોય છે અને તેમના ધ્યાન ઉપર પણ આ રોડના ખાડાઓ અને જે જગ્યાએ સાઈડો બેસી ગઈ છે તે ચોખ્ખુ દેખાય છે છતાં રીપેરીંગ કરવામાં આવતું નથી. સામાન્ય રીતે આપણે બધા જયારે ગંભીર અકસ્માત થાય પછી જ જે તે જગ્યાએ ભૂલ હોય તેને સુધારવા માટે દોડી જઈએ છીએ એ પહેલા સલામતી કે કાળજી લેવાની દરકાર રાખતા નથી અને આવી બધી બેદરકારીનો ભોગ નિર્દોષ નાગરિકો બને છે. તો આ બાબતે જવાબદાર અધિકારીઓએ યુધ્ધના ધોરણે કોઈ નિર્દોષ માણસ ભોગ બને તે પહેલા સમારકામ કરાવવાની જરૂર છે.

### સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન કવિતાબેનની માંગ

## લીલીયામોટા ડો. બાબાસાહેબ આંબેડકરનાં સ્ટેચ્યુની આજુબાજુમાં પહોળાઈ વધારો

### સરપંચને પત્ર પાઠવીને યોગ્ય કરવા રજૂઆત કરી

લીલીયા, તા. ૨૨

લીલીયા મોટા ખાતે સ્ટેશન રોડ પર આવેલ ડો. બાબાસાહેબનાં સ્ટેચ્યુની આજુબાજુમાં પહોળાઈ વધારવા બાબત લીલીયા ગ્રામ પંચાયત સદસ્ય અને સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન કવિતાબેન બગડા ધ્વારા સરપંચને પત્ર પાઠવાયો. પત્રમાં જણાવેલ કે, ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરનાં સ્ટેચ્યુની બાજુમાં જગ્યા ખૂબ જ ઓછી છે તો અહીયા માટીકામથી ભરતી કરાવી અને એક વીજપોલ છે તેને થોડો અંદર કરાવીએ તો સર્કલ મોટું થઈ જાય અને અનુસૂચિત જાતિ તથા આજુબાજુના વિસ્તારવાળા અહીયા આવીને ડો. બાબાસાહેબ આંબેડકરના ચરણોમાં વંદન કરી શકે તથા અહીયા બેસી શકે. ડો. બાબાસાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, ગાંધીજી, ભગતસિંહ આવા મહાપુરૂષોનાં સ્ટેચ્યુની સાર સંભાળ તથા ધ્યાન રાખવું તે પંચાયતની જવાબદારી હોય છે. આ સર્કલ ખૂબ જ નાનું હોવાને કારણે અકસ્માત થવાનો તથા ડો. બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુને ખંડિત થવાનો ભય હોય. તો તાત્કાલિક માટીકામ તથા ભરતી કરાવી યોગ્ય ન્યાય આપશો તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## અમરેલીમાં સ્વીમીંગ પુલમાં યોગ કરી યોગદિનની ઉજવણી



અમરેલી, તા. ૨૨, અમરેલી ખાતે કાર્યરત સ્વીમીંગપુલમાં બેસીને તરવૈયાઓએ યોગ કરીને યોગદિનની પ્રેરણાદાયી ઉજવી કરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **સનાળા ગામનાં ખેડૂતે**

આરોપી ઘનશ્યામભાઈ પાઘડાળ તથા તેમના પત્ની અલ્કાબેન તથા માતા અંબાબેન સનાળા ગામે આવી અને ભોગ બનનાર તથા ફરિયાદીનાં ઘરે આવી રૂા. ૨૧,૫૫,૦૦૦ની ઉઘરાણી કરી હતી અને જો રૂપિયા નહી આપે તો હું જે કોર્ટમાં નોકરી કરૂ છું તે કોર્ટમાં ચેક બાઉન્સની ફરિયાદ દાખલ કરીશ તેમાં હું તને સજા કરાવીશ તેવી ધમકી આપી તથા મારી નાખવાની પણ ધમકી આપ્યાની ફરિયાદ વડિયા પોલીસમાં નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદનાં કેરાળા ગામેથી**

મેડિકલને લગતી સાધન સામગ્રીના જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

પકડાયેલ ઈસમ સુમરા મહમદભાઈ સુલેમાનભાઈ પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ કુલ નંગ–૪૭ કિંમત રૂા. ૨૨,૮૨૩,૮૮ના મુદામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. અને મજકુર પકડાયેલ ઈસમ વિરૂધ્ધ ગુનો રજી. કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસઓજી પોલીસ ઈન્સ્પેકટર એસ.જી. દેસાઈ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.જી. મારૂ તથા એસઓજી ટીમના હેડ કોન્સ્ટેબલ ગોબરભાઈ લાપા, સુરેશભાઈ મેર તથા મહેશભાઈ રાઠોડ ધ્વારા કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં નવા ખીજડીયામાં**

વાવાઝોડા દરમ્યાન આર્થિક સહાય મેળવી લીધેલ છે.

આમ નવા ખીજડીયા ગામના જરૂરિયાતમંદ લોકોને આર્થિક સહાય મળેલ નથી જયારે લાગવગ અને બનાવટી, ખોટા રેકર્ડ બનાવી, ગેરકાયદેસર રીતે સરકાર પાસેથી આર્થિક સહાય મેળવી લીધેલ છે.

આથી સરકારનાં હીમતમાં સરકારી નાણાંકીયનો ગેરલાભ મેળવનાર તથા તાલુકા પંચાયત કચેરી અમરેલીમાં બનાવટી અને ખોટા રેકર્ડ ઉભા કરી, ખોટી સર્વે ટીમના નામનું ચેક લીસ્ટ બનાવનાર અને તેવા ખોટા ચેક લીસ્ટ તથા પંચરોજકામના આધારે આર્થિક સહાય મંજૂર કરનાર અધિકારી વિરૂધ્ધ પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવા વિનંતી છે અને સરકારના હિતમાં આવી નાણાંકીય સહાય મેળવવામાં મદદગારી કરનારાઓ વિરૂધ્ધ ધોરણસરની પોલીસ ફરિયાદ કરવા અંતમાં માંગ કરેલ છે.

## અવસાન નોંધ

**દામનગર :** હલારી પટેલ (પાડરશીંગા), હસુભાઈ ભગવાનભાઈ શેખડા (ઉ.વ. ૫૮) તે નરેશભાઈ, જીગ્નેશભાઈ, દક્ષાબેન પરેશભાઈ ખુંટ(નાના રાજકોટ–લાઠી), કાજલબેન અંકિતભાઈ વેકરીયા(ભાવનગર)નાં પિતા પુનાભાઈ, સ્વ. વલ્લભભાઈ, સ્વ. નારણભાઈનાં ભાઈ, તેમજ કાળુભાઈ નારણભાઈનાં કાકાનું તા. ૨૧/૬ ને બુધવારે અવસાન થયેલ છે. સ્વ.નું બેસણું તા. ૨૩/૬ને શુક્રવારે સવારથી સાંજ સુધી, દશા તા. ૧/૭ નાં અને તા. ૨/૭નાં રોજ સરવણી તેમના નિવાસ સ્થાન મું. પાડરશીંગા તા. લાઠી મુકામે રાખેલ છે. ટેલિફોનિક શોક સંદેશ માટે નરેશભાઈ (૯૭૧૪૪ ૪૬૭૬૦), જીગ્નેશભાઈ (૭૩૫૯૬ ૯૧૫૯૯).

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૩૬ | ૧૪૨૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૦૩ |
| ૩ | શિંગદાણા | ૧૫૭૫ | ૨૦૧૨ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૭૨૨ | ૧૮૬૫ |
| ૫ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૮૯૫ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૨૯૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૧૮ | ૩૨૩૧ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૪૪૪ |
| ૯ | જુવાર | ૪૫૧ | ૧૧૭૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૮૪ | ૫૨૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૦ | ૪૭૩ |
| ૧૨ | મકાઈ | ૩૬૧ | ૭૦૦ |
| ૧૩ | મગ | ૧૩૫૦ | ૧૭૨૫ |
| ૧૪ | ચણા | ૬૯૩ | ૧૦૦૩ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૧૬ | તુવેર | ૭૦૦ | ૧૬૬૫ |
| ૧૭ | કપાસ | ૯૦૦ | ૧૪૮૪ |
| ૧૮ | એરંડા | ૮૦૦ | ૧૧૪૦ |
| ૧૯ | જીરૂ | ૭૯૦૦ | ૧૧૦૦૦ |
| ૨૦ | ધાણા | ૯૦૦ | ૧૧૮૦ |
| ૨૧ | ધાણી | ૯૯૦ | ૧૨૬૨ |
| ૨૨ | અજમા | ૨૧૨૦ | ૨૭૮૦ |
| ૨૩ | મેથી | ૭૧૫ | ૧૧૫૦ |
| ૨૪ | સોયાબીન | ૮૪૧ | ૯૫૮ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૨૦ |
| ૨ | મગફળી | ૧૨૩૫ | ૧૩૯૫ |
| ૩ | તલ સફેદ | ૨૫૧૦ | ૨૬૭૦ |
| ૪ | ચણા | ૯૦૫ | ૯૬૫ |
| ૫ | મગ | ૧૧૯૦ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૧ | ૧૪૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૫૨૧ |
| ૩ | શીંગદાણા | ૧૬૫૧ | ૨૦૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૫૨૫ | ૨૮૨૦ |
| ૫ | તલ કાળા | ૨૬૨૦ | ૨૯૪૦ |
| ૬ | જીરૂ | – | ૧૦૧૧૧ |
| ૭ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૫ |
| ૧૦ | બાજરો | ૩૭૫ | ૪૫૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૧૦૮૧ |
| ૧૨ | મકાઈ | ૫૦૦ | ૬૫૦ |
| ૧૩ | મગ | ૧૪૦૦ | ૧૭૭૦ |
| ૧૪ | ચણા | ૮૭૫ | ૯૬૩ |
| ૧૫ | તુવેર | ૧૬૦૦ | ૧૮૬૬ |
| ૧૬ | એરંડી | – | ૧૧૧૮ |
| ૧૭ | મેથી | ૧૦૬૦ | ૧૧૦૦ |
| ૧૮ | રાય | – | ૧૦૨૧ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| ૨૦ | સોયાબીન | ૯૨૫ | ૯૭૩ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૮૦૦ | ૯૨૨ |
| ૩ | જુવાર | ૯૯૧ | ૯૯૧ |
| ૪ | તલ કાળા | ૨૫૨૫ | ૨૮૦૦ |
| ૫ | ધાણા | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૬ | શીંગ દાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૭ |
| ૨ | ધાણા | ૮૦૦ | ૧૧૦૦ |
| ૩ | ચણા | ૮૮૨ | ૯૫૧ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૫ | ૪૭૬ |
| ૫ | જુવાર | ૭૧૬ | ૯૦૧ |
| ૬ | શીંગ ફાડા | ૧૮૩૦ | ૧૮૩૦ |
| ૭ | અડદ | ૮૦૦ | ૮૦૦ |
| ૮ | તલ કાળા | ૨૩૮૦ | ૨૬૦૧ |
| ૯ | એરંડા | ૧૧૦૨ | ૧૧૦૨ |
| ૧૦ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | સોયા | ૯૨૮ | ૯૬૦ |
| ૧૨ | મગફળી | ૧૧૨૦ | ૧૩૯૧ |
| ૧૩ | શીંગ દાણા | ૧૯૫૩ | ૧૯૫૩ |
| ૧૪ | તલ સફેદ | ૨૫૧૫ | ૨૭૩૨ |
| ૧૫ | મકાઈ | ૬૯૮ | ૬૯૮ |
| ૧૬ | તુવેર | ૧૪૦૨ | ૧૪૦૨ |
| ૧૭ | લસણ | ૮૫૧ | ૮૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૭ | ૧૪૨૭ |
| ૨ | મગફળી | ૧૧૨૫ | ૧૨૭૦ |
| ૩ | ઘઉં લોકવન | ૩૬૬ | ૪૫૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૪૬૧ |
| ૫ | ચણા | ૮૫૪ | ૯૩૫ |
| ૬ | મગ | ૧૨૩૦ | ૧૭૫૧ |
| ૭ | સોયાબીન | ૯૦૦ | ૯૭૫ |
| ૮ | તુવેર | ૧૬૨૧ | ૧૬૨૧ |
| ૯ | શીંગ દાણા | ૧૩૭૫ | ૧૯૩૦ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૨૮૫ | ૧૬૦૦ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ૧૨ | બાજરો | ૩૯૯ | ૩૯૯ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૭૯ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૭૬૦ |
| ૩ | તલ કાળા | ૨૪૫૧ | ૨૪૫૧ |
| ૪ | કપાસ | ૧૩૫૦ | ૧૪૫૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૪૬૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૦૪ |
| ૭ | જુવાર | ૫૦૧ | ૧૧૧૭ |
| ૮ | મગ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૯ | અજમા | ૩૦૦ | ૩૦૦ |
| ૧૦ | તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૧ | ચણા | ૮૬૦ | ૯૩૦ |
| ૧૨ | એરંડી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૯૬૧ | ૨૦૧૦ |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૯૭૫ |

# અમરેલીની નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજ તથા રોટરેક્ટ કલબ ગીર દ્વારા યોગાત્સવની ઉજવણી






અમરેલી નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજ(ગોળ હોસ્પિટલ) તથા રોટરેકટ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા આયોજિત 'યોગ ફોર વસુધૈવ કુટુમ્બકમ' થીમ પર આધારિત સાપ્તાહિક યોગાત્સવની ઉજવણી ગોળ હોસ્પિટલ, ચિતલ રોડ, અમરેલી ખાતે કરવામાં આવી હતી. જેમાં ઈન્ટરનેશનલ યોગ નિષ્ણાંત સાગર મહેતા, રીટાબેન કાનાબાર તથા ડો.નીતિન ત્રિવેદી દ્વારા યોગ સેશન લેવામાં આવતું હતું, આજે વિશ્વ યોગ દિવસના દિવસે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈવેકરિયા, નેત્ર ચિકિત્સક કેન્દ્રના સીઈઓ ડો.અર્પણ જાની, અમરેલી પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષભાઈ સંઘાણી, રાષ્ટ્રીય સેવક સંઘ પરિવાર, અમરેલી જિલ્લા પોલીસ પરિવાર તેમજ રોટરેકટ કલબ ઓફ અમરેલી ગીરના પ્રમુખ ચીત કોટેચા, મહામંત્રી આકાશ જોષી, તથા રોનક ભાલોડિયા, ધવલ વડેરા, વર્ષા કુંભાર, માનસી વડેરા કિશન ગોલ, પ્રિયંક પંડયા, શ્રેયસ ભરાડ, વિશાલ પલાણ, પાર્થ રાજપોપટ, થંભા સરવૈયા, કેતન મહેતા, જાસ્મીન ગોલ, યશ મિરાણી, આશિષ રૂપારેલીયા સહિતનાં સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## ગ્રામજનો અને ચૂંવાળીયા કોળી સમાજ દ્વારા ધારીનાં ધારગણી ખાતે આસ્થાભેર બીજ ઉત્સવની ઉજવણી

### અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા

અમરેલી, તા. ૨૨

ધારીનાં ધારગણી ગામે તા. ૨૦ જૂનનાં રોજ સમસ્ત ગ્રામજનો દ્વારા દર વર્ષની માફક રામદેવપીરનાં બીજ ઉત્સવ તથા ચુંવાળીયા કોળી ઠાકોર સમાજનાં ધર્મગુરૂ નાથ સંપ્રદાયના સિધ્ધ સંત વેલનાથબાપુની ૬૩૫ મી જન્મજયંતિ ઉજવણી પ્રસંગે ગામમાં શોભાયાત્રા તથા નવનિર્મિત મંદિરે પૂજન, અર્ચન, હવન, મહાઆરતી તથા સત્સંગ અને સંતવાણી તેમજ સમૂહભોજનનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે વેલનાથ બાપુના મંદિરની જમીનનાં મુખ્ય સહયોગી રમુદાદા ગજેરા, સરપંચ બાબુભાઈ વાળા, દેવરાજબાપા ગેડીયા, ગભરૂભાઈ, નિલદિપભાઈ તથા બિચ્છુભાઈ વાળા, પ્રદિપભાઈ મકવાણા, લાખભાઈ, વજાભાઈ માલધારી, સહિત ગામના દરેક સમાજના અગ્રણીઓ તથા સહયોગીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે ઋગનાથ ઓડી શિવાલય મંદિરનાં મહંત ભુપતગીરી બાપુ દ્વારા પૂજય વેલનાથ બાપુના ફોટા પધરામણી તથા ધાર્મિક વિવિધતા સાથે આર્શિવચન આપેલ. આ ધાર્મિક પ્રસંગે યજ્ઞ, શ્રીફળ, હોમાત્મક તથા શાસ્ત્રોકત વેદોકત મંત્રોચાર અને પૂજાવિધિ સહાયકોની મદદથી શાસ્ત્રી દિલીભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવેલ.

આ ધાર્મિક કાર્યક્રમમાં મુખ્ય તથા અતિથિ વિશેષ આમંત્રીતોમાં સર્વ ધીરૂભાઈ મકવાણા સમુહ લગ્ન સમિતિ અમરેલી તેમજ કાળુભાઈ દેત્રોજા, હર્ષદભાઈ તથા બીપીનભાઈ સોલાડીયા તેમજ અન્ય મહેમાનો તેમજ ધારી ખાતેનાં નાગજીભાઈ બારૈયા, પ્રમુખ સમુહલગ્ન સમિતિ ધારી રમેશભાઈ મકવાણા અખિલ ભારતીય કોળી સમાજ પ્રતિનિધિ તથા બાબુદાદા ગઢીયા અને બગસરા સમુહલગ્ન સમિતિનાં પ્રમુખ ભુપતભાઈ ઉનાવા, ભરતભાઈ રાઠોડ તથા વિઠ્ઠલભાઈ પાટડીયા અને અલ્પેશભાઈ વઘેડીયા શિલાણા તેમજ સમગ્ર જિલ્લામાંથી આ સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

આ ધાર્મિક પ્રસંગે ભોજન અને સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ. અને ધારગણી ગામ માટે નોંધનીય અને ગૌરવની બાબત એ રહેલ કે હાલ સુધીનાં સમયમાં આ ગામે કોઈ કોમ્યુનીટી હોલ કે કોઈ સમાજ જ્ઞાતિની વાડી ન હોય જેથી આ નવનિર્મિત વેલનાથ મંદિર સર્વ સમાજને ઉપયોગી અને પ્રસંગ માટે આશારૂપ બનેલ હોય. જે બાબતે ગામમાં ગૌરવની લાગણી ઉપસ્થિત થયેલ. આ ધાર્મિક પ્રસંગને સફળ બનાવવા સમસ્ત ગ્રામજનોનો સહયોગ તથા ગામના ઠાકોર સમાજના મુખ્ય વ્યકિત અરવિંદભાઈ વઘેડીયા, રણછોડભાઈ પાટડીયા, ચતુરભાઈ મોલાડીયા, દિનેશભાઈ તથા સુરેશભાઈ ચાવડા, ભુપતભાઈ મોલાડીયા, રવજીભાઈ મકવાણા, કરશનભાઈ સીસણાદા તથા મહિલા સત્સંગ મંડળના મુખ્ય અગ્રણીઓ ચંપાબેન તથા લીલાબેન ચાવડા, દયાબેન પાટડીયા, સમજુબેન વઘેડીયા તથા સમસ્ત ગામની બહેનો દ્વારા ધુન, સત્સંગ સહિત પ્રાસંગિક ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપેલ હતો. તેમ ધીરૂભાઈ મકવાણા અમરેલી તથા રમેશભાઈ મકવાણા ધારીની સંયુકત યાદીમાં જણાવેલ છે.

## સા.કુંડલા : કબીર ટેકરી આશ્રમ ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૨

સદ્ગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પ આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું.

આ કેમ્પની અંદર ઓ.પી.ડી.માં ૬૫ દર્દીઓએ લાભ લીધો હતો. અને તેમજ મોતિયાના ઓપરેશન માટે ૨૮ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પનું દિપ પ્રાગટય કબિર ટેકરીનાં મહંત શ્રી નારાયણ, લાયન્સ કલબ ઓફ અમરેલી સિટીમાંથી ભુપતભાઈ ભુવા તથા શરદભાઈ વ્યાસ, રમેશભાઈ ગોલ અશ્વિનભાઈ ડોડીયા, એમ.એમ.પટેલ, દર્શનભાઈ તથા વિશાલભાઈ વ્યાસ જગદીશભાઈ જેઠવા, જિતેનભાઈ હેલૈયા, મેહુલભાઈ ત્રિવેદી તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ, નેત્રાલયના કર્મચારી નિલેષભાઈ ભીલ, અતુલભાઈ દવે, હિંમતભાઈ કાછડીયા તથા કબીર ટેકરીના સ્વયંમસેવકો વગેરેએ સેવા આપી હતી. આમ તો આ કેમ્પ દર મહિનાના ત્રીજા રવિવારે છલ્લા ૧૧ વર્ષથી યોજાતો હતો. પરંતુ હવે દર મહિનાના ત્રીજા ગુરૂવારે યોજાશે.

## વડિયાની પે સેન્ટર શાળામાં લોકસેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્કૂલબેગનું વિતરણ



વડિયા, તા. ૨૨

વડિયાની સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સરકારી શાળામાં અભ્યાસ કરતા સામાન્ય પરીવારના બાળકોને અભ્યાસમાં મદદરૂપ થવા માટે લોકસેવા ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ વડિયા ગ્રામપંચાયત પાસે આવેલી પે સેન્ટર શાળા માં અભ્યાસ કરતા બાળકોને સ્કૂલબેગ આપી તેમને મદદરૂપ થવાનો અને બાળકોનો ઉત્સાહ વધારવાનો પ્રયત્ન કરાયો હતો. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ દીપપ્રાગટય કરી માં સરસ્વતીની વંદના કરી સ્કૂલબેગનું વિતરણ જુનેદ ડોડીયા, ભૌમિક પાંધી, અને સ્થાનિક આગેવાન હસુભાઈ પંચમિયા, દિલીપભાઈ શિંગાળા શાળાના પ્રિન્સીપાલ વિક્રમભાઈ બરાળિયા અને શાળાના સ્ટાફની હાજરીમાં કરવામાં આવ્યું હતું. તમામ ગામના આગેવાનો દ્વારા આ રીતે શાળાના બાળકોને મદદરૂપ થવામાં આવે તો ચોક્કસ સરકારી શાળાના શિક્ષણની ગુણવતાને સુધારવામાં મદદરૂપ થઈ શિક્ષણની સ્થિતિ સુધારી શકાય.

## વાંકીયા પ્રાથમિક શાળા ખાતે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું



અમરેલી, તા. ૨૨

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી તાલુકા હેલ્થ ઓફિસર ડો. રાજીવકુમા સીન્હાનાં માર્ગદર્શન તથા વાંકીયા મેડિકલ ઓફિસર ડો. દેવાંગ ડી. બાલધાની સુચના અન્વયે આજરોજ વાંકીયા પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓને મેલેરીયા, ડેન્ગ્યુ અંગે આરોગ્ય શિક્ષણ આપેલે જેમાં મચ્છર ઉત્પતીનાં તમામ સ્ટેજ પુરા, મચ્છર બતાડેલ હતા.

વિદ્યાર્થીઓને ઘરે ખુલ્લાપાત્રોમાં જોવા જણાવેલ હતું. ઘરમાં જુના ટાયર, વરસાદી પાણી ભરાતી વસ્તુઓ નિકાલ કરવા જણાવેલ હતું. ઘરની ખુલ્લી ટાંકીઓ હવાચુસ્ત ઢાંકવા અને દર આઠ દિવસે ખુલ્લી ટાંકી રહે તો સાફ કરવા જણાવેલ હતું. અને ખાસ તાવ આવે તો લોહીની તપાસ કરાવા જણાવેલ હતું. હાલ વાંકીયા ગામ ખાતે ઘરે–ઘરે પુરા નાશક કામગીરી શરૂ છે. લોકોને ટાયરો બીનજરૂરી વધારાનાં પાત્રો નિકાલ કરવા સુચના આપવામાં આવે છે. અગાઉ ઘરે–ઘરે દવા છંટકાવ કાર્યક્રમ પણ થયેલ હતો. સ્થાનિક આરોગ્ય કર્મચારી આકાશ, ડો. અગ્રાવત દ્વારા શાળા ખાતે બાળકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ હતું. સાથે ઘરે–ઘરે પુરા નાશક કામગીરીમાં સ્થાનિક ફીમેલ કર્મચારી પી.જે. બોરીચા, આશા નીતાબેન ભટ્ટી, કાજલબેન સિધ્ધપુરા, જયશ્રીબેન પરમાર, મનીષાબેન પરમાર દ્વારા ઘરે–ઘરે પુરાનાશક કામગીરી, ડીસકાર્ડ કામગીરી સઘન કરવામાં આવે છે. ગામમાં મેલેરીયા, ડેન્ગ્યુ ન થાય તેની ખુબ કાળજી લેવામાં આવે છે. અને લોકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે. સુપ. જી.ડી. ભગતનો પણ સહકાર મળેલ છે. જાહેર પાણીનાં પાત્રોમાં ગપ્પત ફીશ પણ મુકવામાં આવેલ હતી.

## વિવિધ અભ્યાસક્રમ માટે બગસરાની આઈ.ટી.આઈ.માં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ

### ૨૫ જૂન સુધીમાં પ્રવેશ પત્ર મેળવી લેવા

અમરેલી, તા. ૨૨, આઈ.ટી.આઈ. બગસરા(મહિલા) ખાતે તા. ૨૫ જૂન ૨૦૨૩ સુધી પ્રવેશ પ્રક્રિયા શરૂ છે. ઓગસ્ટ–૨૦૨૩ થી શરૂ થતાં સત્ર માટે આ નવા સત્રના ફોર્મ ભરવાની કામગીરી પ્રક્રિયા શરૂ છે. આ સંસ્થામાં વિવિધ ટ્રેડ કોપા(કોમ્પ્યુટર), વાયરમેન, વેલ્ડર, મિકેનીક, ડિઝલ, સુંઈગ ટેક્નોલોજી(સીવણ), કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર) વગેરેમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ધો. ૮ પાસથી ગ્રેજયુએટ પાસ ઉમેદવાર https://itiadmission.gujarat.gov.in વેબસાઈટ પર જઈને ફોર્મ ભરી શકશે. કચેરી ખાતે પણ હેલ્પ સેન્ટર પર જરૂરી દસ્તાવેજ(ધો.૧૦ માર્કશીટ, એલ.સી., જાતિનું પ્રમાણપત્ર, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ વગેરે) રજૂ કરવાથી ઓનલાઈન ફોર્મ ભરી આપવામાં આવશે. તેમ આચાર્ય આઈ.ટી.આઈ. બગસરાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## અમરેલીમાં રવિવારે કોળી સમાજ દ્વારા સમૂહલગ્નોત્સવનું આયોજન

અમરેલી, તા. ૨૨

અમરેલી ખાતે કોળી શકિત યુવક મંડળ અને સુમન સેવા ટ્રસ્ટ અમરેલી દ્વારા તા. ૨૫/૬/૨૩નાં રોજ સમૂહલગ્ન સમારંભમાં ગુજરાત રાજયમંત્રી પરશોતભાઈ સોલંકી જૂનાગઢ ભવનાથ તળેટી કોળી સમાજ વાડી પ્રમુખ ભુપતભાઈ ડાભીની હાજરીમાં આયોજન કરવામાં આવેલ છે. સ્થળ : બાળ હનુમાન મંદિર, કૈલાશ મુકિત ધામ સામે બાયપાસ અમરેલી. આ સમારંભને સફળ બનાવવા મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહિલ, પરશોતમભાઈ એન. મકવાણા, સવજીભાઈ ડી. ડાભી, ભીખુભાઈ પી. મકવાણા, રમેશભાઈ આર. ડાભી, શંભુભાઈ વી. મકવાણા, શંભુભાઈ પી. માલકીયા, શ્રીમતી રતનબેન આર. બલદાણીયા જહેમત ઉઠાવી રહ્યાં છે.

# ગીર સોમનાથમાં આઇકોનિક પ્લેસ સોમનાથ મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી






તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

સમગ્ર વિમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉમંગપૂર્વક ઉજવણી થઈ રહી છે જે અંતર્ગત ગીર સોમનાથમાં આઈકોનિક પ્લેસ સોમનાથ મંદિર પાસેના ચોપાટી ગ્રાઉન્ડમાં જિલ્લા પંચાયત પ્રમુખ રામીબહેન વાજાના અધ્યક્ષસ્થાને 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય'ની થીમ પર નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જનપ્રતિનિધિઓ, પદાધિકારીઓ તેમજ કર્મચારીઓ અને શાળા–કોલેજ સહિત શૈક્ષણિક સંસ્થાઓ, એનજીઓ તેમજ સ્થાનિક લોકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય'ની થીમ હેઠળ સોમનાથ મંદિર પાસેના ચોપાટી ગ્રાઉન્ડમાં ઉપસ્થિત તમામે 'શલભાસન','મકરાસન', 'અર્ધઉષ્ઠાસન', 'ઉત્તાનમંડૂકાસન', 'વક્રાસન', 'ભૂજંગાસન' જેવા વિવિધ આસનોથી સામૂહિક યોગ દ્વારા ઉત્સાહપૂર્વક આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. આ તકે સ્વામિનારાયણ દ્રોણેર ગુરૂકુળની વિદ્યાર્થીનીઓએ યોગ નિદર્શન કર્યુ હતું સાથે જ ઉપસ્થિત તમામે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વર્ચ્યુઅલ સંબોધન પણ નિહાળ્યું હતું. વડાપ્રધાને વર્ચ્યુઅલ સંબોધનમાં જણાવ્યું હતું કે, આપણાં ઋષિમુનિઓએ કહ્યું છે કે જે જોડે છે તે યોગ છે. યોગનો પ્રચાર આ જ વિચારનો વિસ્તાર છે. યોગના આ વિસ્તારનો અર્થ છે 'વસુધૈવ કુટુમ્બકમ' જે લોકો યોગ સાથે વર્ષોથી જોડાયા છે. તેમણે યોગની ઊર્જા અનુભવી છે. ભારતે હંમેશા જોડવાનું કામ કર્યુ છે. નવા વિચારોનું સ્વાગત કર્યુ છે. યોગ સ્વસ્થ સમાજનું નિર્માણ કરે છે. કર્મમાં કુશળતા જ યોગ છે. યોગ દ્વારા આંતરવિરોધોને ખતમ કરવાના છે અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને વિ સમક્ષ પ્રદર્શિત કરવાની છે. જયારે મુખ્યમંત્રીએ વર્ચ્યુઅલ સંબોધનમાં જણાવ્યુ હતું કે, યોગ એ હવે વૈકિ આંદોલન બની ચૂકયું છે. નિયમિત યોગાભ્યાસથી તણાવમુકત અને નિરોગી જીવન જીવી શકાય છે. આ તકે નગરપાલિકા પ્રમુખ પિયૂષભાઈ ફોફંડી, જિલ્લા કલેકટર એચ.કે. વઢવાણિયા, જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે, જિલ્લા પોલિસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, જિલ્લા રમતઅધિકારી કાનજી ભાલિયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.ડી. મકવાણા સહિત અગ્રણી મહેન્દ્રભાઈ પીઠિયા, માનસિંહભાઈ પરમાર સહિત જનપ્રતિનિધિઓ, અધિકારીઓ–કર્મચારીઓ અને વિવિધ અગ્રણીઓ તેમજ શહેરીજનો પણ યોગ દિવસની ઉજવણીમાં સહભાગી બન્યા હતાં.

## અમરેલીનાં ડુબાણીયાપરામાં અલગ અલગ બે ગોડાઉનમાંથી રૂપિયા પાંચ લાખનો જથ્થો ઝડપાયો

# લૂંટો ભાઈ લૂંટો : ગરીબોનાં હક્કનું અનાજ પણ ઘરભેગુ કરો

કેન્દ્ર સરકાર દેશનાં ૮૨ કરોડ વ્યક્તિઓને મફતમાં અનાજનો જથ્થો આપી રહી હોય વચેટિયાઓ તેમાં પણ લૂંટ ચલાવે

જિલ્લામાં રેશનિંગ દુકાન ધરાવનાર અનેક વ્યક્તિઓ કાળાબજાર કરીને કરોડપતી બની ગયા

દેશમાં કરોડો પરિવારોને બે ટંકનું ભોજન મળતું નથી અને ભ્રષ્ટાચારીઓને ભરપેટ નાણા મળી રહ્યાં છે

મામલતદાર અને પુરવઠા ટીમે દરોડો પાડીને શંકાસ્પદ જથ્થો કબ્જે કરી કાર્યવાહી શરૂ કરી





અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં ગરીબ લોકોને સરકાર ધ્વારા આપવામાં આવતા ઘઉં અને ચોખા બારોબાર પગ કરી જતાં હોય. આ અંગે અવાર–નવાર રજૂઆતો જવાબદાર તંત્ર સમક્ષ થતી હોય. ત્યારે આજે અમરેલીનાં બહારપરા વિસ્તારમાં મામલતદાર ધ્વારા દરોડો પાડી ઘઉં તથા ચોખાનો શંકાસ્પદ જથ્થો ઝડપી લઈ બે ગોડાઉનમાં શીલ મારી દેતા જિલ્લામાં ભારે ચકચાર મચી જવા પામી છે. ત્યારે ઝડપાયેલ જથ્થાનાં નમૂનાઓ લઈ ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલીનાં ડુબાણીયા વિસ્તારમાં આવેલ બે અલગ–અલગ ગોડાઉનમાં શંકાસ્પદ ઘઉં ૪૯૧૫ કિલો તથા ચોખા ૧૯૮૯

અનુસંધાન પાના ૬ ઉપર

## વડિયા : શિવરાજગઢ ગામની સગર્ભા મહિલા અને બાળકની જીંદગી ૧૦૮ની ટીમે બચાવી



વડિયા, તા. ૨૨

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના શિવરાજગઢ ગામની વાડી વિસ્તારમાં મજૂરી કામ કરતા પરપ્રાંતિય પરિવારના વિરલબેનને પ્રસુતિની અસહ્ય પીડા ઉપડતાં તેમને ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કોલ કરેલ, અમરેલી જિલ્લાની વડિયાની ૧૦૮ શિવરાજગઢ જવા રવાના થઈ હતી, સ્થળ પર દર્દીની તપાસ કરતા દર્દીને અસહ્ય પ્રસુતિનો દુઃખાવો હોવાથી તથા બાળકનું માથું બહાર આવી ગયું હોવાથી સામાજિક કાર્યકર ચંદ્રેશભાઈ પડીયાની કારમા સ્થળ પર જ ડિલિવરી કરાવવાની ફરજ પડી હતી. વડીયા ૧૦૮ના સ્ટાફ ઈએમટી શિયાળ વિપુલભાઈ અને પાયલોટ ભરતભાઈ પરમાર સ્થળ પર જ ડિલિવરી કરાવી હતી. ત્યારે ફરી એકવાર ગુજરાત સરકારની ૧૦૮ મહિલા અને બાળકને આશીર્વાદરૂપ બની હતી. બાદમાં ડિલિવરી સમયે બાળકના ગળામાં નાળ વિટળાય ગયેલ હોવાથી બાળક ડીલેવરી સમયે રડયું ન હોય ત્યારે તાત્કાલિક અમદાવાદ ઓફિસમાં રહેલા ડોકટરની સલાહ પ્રમાણે બેબીકેર, ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ અને માતા બાળકને સારવાર સાથે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. અને માતા બાળકનો અમૂલ્ય જીવ બચાવેલ. તેમના સગા સંબંધીઓ અને સામાજિક કાર્યકર ચંદ્રેશભાઈએ ૧૦૮ ના કર્મચારીનો આભાર માન્યો હતો. તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપભાઈ અને જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ વડિયા ૧૦૮ના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

## પોલીસ અધિક્ષકની સુચનાથી સ્પેશ્યલ ઓપરેશન ગૃપની કામગીરી

# જાફરાબાદનાં કેરાળા ગામેથી જનઆરોગ્ય સાથે ચેડા કરતાં ઉઘાડપગા તબીબની અટકાયત

### અમરેલી જિલ્લામાં ''એન્ટી બોગસ ડોકટર'' સ્કવોર્ડની રચના કરવી જરૂરી



અમરેલી, તા. ૨૨

એસઓજી પોલીસ ઈન્સ્પેકટર એસ.જી. દેસાઈ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.જી. મારૂ તથા એસઓજી ટીમ અમરેલી જિલ્લામાં બોગસ ડોકટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોસ્ટલ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકીકત મળેલ કે, જાફરાબાદ તાલુકાનાં કેરાળા ગામે, ગરબી ચોકથી આગળ સુમરા મહમદભાઈ સુલેમાનભાઈ રહે. રોહીસા, તા. જાફરાબાદ ગેરકાયદેસર દવાખાનું/કલીનિક ચલાવતા હોય. જે અન્વયે સદરહું જગ્યાએ તાલુકા હેલ્થ ઓફિસર તથા ફાર્માસીસ્ટ સાથે રેઈડ કરતા મજકુર ઈસમને એલોપેથીક દવાઓ, દવાની બોટલો, ઈન્જેકશન તથા સિરપની બોટલો–ટયુબ વિગેરે

અનુસંધાન પાના ૬ ઉપર

### કુંકાવાવ નજીક આવેલ

# સનાળા ગામનાં ખેડૂતે રૂા. ૧૫ લાખની રકમ ૫ ટકાનાં દરે લેતા રૂા. ૨૧.૫૫ લાખની ઉઘરાણી

### કટકે કટકે રૂા. ૯,૫૯,૮૧૫ ચુકવ્યા છતાં પઠાણી ઉઘરાણી

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં રોજબરોજ વ્યાજખોરોનો ભોગ બનતા લોકો પોલીસમાં ફરિયાદ નોંધાવી રહ્યાં છે. તેમ છતાં પણ વ્યાજખોરો કોઈપણ જાતનાં ડર વગર ભોગ બનનાર લોકોને ધાકધમકી આપતા રહે છે. ત્યારે કુંકાવાવ તાલુકાનાં સનાળા ગામે રહેતા ખેડૂતે રૂા. ૧૫ લાખની રકમ ૫ ટકાનાં દરે લીધી હતી જની સામે રૂા. ૯,૫૯,૮૧૫ ચુકવી દીધા છતાં વ્યાજખોરે રૂા. ૨૧.૫૫ લાખની પઠાણી ઉઘરાણી કરી હતી.

આ બનાવમાં કુંકાવાવ તાલુકાનાં સનાળા ગામે રહેતા હાર્દિકભાઈ દામજીભાઈ પડસાળા નામનાં ૩૫ વર્ષિય ખેડૂતનાં કુટુંબી ભાઈ પ્રકાશભાઈ દેવશીભાઈ પડસાળાએ રૂા. ૧૫ લાખની જરૂરિયાત ઉભી થતાં મુળ સનાળાનાં વતની અને હાલ મહીસાગર જિલ્લાનાં લુણાવાડા ગામે રહેતા ઘનશ્યામભાઈ પુનાભાઈ પાઘડાળ પાસેથી રૂા. ૧૫ લાખ ૫ ટકાનાં દરે લીધા હતા. જેમાં સીકયુરીટી પેટે ચાર ચેક આરોપીએ લીધા હોય. આ રકમનાં વ્યાજ પેટે આરોપીઓને રૂા. ૯,૫૯,૮૧૫ ચુકવી દીધા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

### જાગૃત્ત નાગરિકે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવીને તપાસની કરી માંગ

# લ્યો બોલો : અમરેલીનાં નવા ખીજડીયામાં લેભાગુ શખ્સોએ ''તૌકતે'' વાવાઝોડા બાદ સહાય આપવામાં ગોલમાલ કરી

### રૂપિયા એકાદ લાખની રકમનો દુરૂપયોગ થયો હોય ફરિયાદ કરવા માંગ

અમરેલી, તા. ૨૨

અમરેલી તાલુકાનાં નવા ખીજડીયા ગામે એક કરતા વધુ વ્યકિતઓએ સંબધીત કચેરીએ સર્વે ટીમથી અલગ ટીના નામનો ઉપયોગ કરી, તલાટી કમ મંત્રીની ખોટી સહીઓ કરી, બનાવટી રેકર્ડ ઉભા કરી આર્થિક નાણાંકીય સહાય મેળવી લીધેલ છે.

આ બાબતે અમારા તરફથી આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગતા અમોને મળેલ આધારભુત માહિતી મુજબ નવા ખીજડીયા ગામનો એક વ્યકિતએ રૂા. ૯૫,૦૦૦ ઘરવખરી ને નુકસાનનાં રૂા. ૭,૦૦૦ એમ મળી કુલ રૂા. ૧,૦૨,૦૦૦ જેવી રકમ ગેરકાયદેસર રીતે મેળવી લીધેલ છે. આ વ્યકિતની સર્વે ટીમમાં માત્ર બે જ વ્યકિતઓ છે જે પૈકી એક કર્મચારી તલાટી કમ મંત્રી તથા પદાધિકારી સરપંચની સહીઓ છે જે પણ અગાઉની સર્વે ટીમથી અલગથી કર્મચારીનું નામ છે અગાઉ પદાધિકારીનું નામ હતું નહી. આમ ચેક લીસ્ટમાં જે તલાટી કમ મંત્રીની સહી છે તે પણ બોગસ અને ખોટી હોય તેમ જણાય છે.

જે વ્યકિતને આર્થિક સહાય આપવામાં આવેલ છે તેમાં ફોટોગ્રાફસનો ઉપયોગ કરવામાં આવેલ છે તે અન્યનાં મકાનનાં ફોટોગ્રાફસનો ઉપયોગ કરી ગેરકાયદેસર રીતે તૌકતે

અનુસંધાન પાના ૬ ઉપર











રજી.નં. એફ–૩૪ અમરેલી
નોંધણી નં. ગુજરાત–૭૪ અમરેલી
ફોન નં. ૦૨૭૯૭ ૨૭૪૯૧૧

શ્રી મિલનભાઈ આર. ઝાટકિયા–નિયામકશ્રી
શ્રી રાજેશભાઈ બી. ઠુમ્મર–મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
આચાર્ય ૯૪૨૬૨ ૬૪૬૫૪

**શ્રી ગ્રામવિકાસ મંડળ ટ્રસ્ટ–ગોપાલગ્રામ**

મુ.ગોપાલગ્રામ–૩૬૫૬૩૦, તા.ધારી, જિ. અમરેલી.

**જોઇએ છે**

શ્રી ગ્રામવિકાસ મંડળ ટ્રસ્ટ–ગોપાલગ્રામ સંચાલિત શ્રી ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલ–ગોપાલગ્રામ, તાલુકો :– ધારી, જિ. અમરેલી સને ૨૦૨૩–૨૪ દરમ્યાન ધોરણ :–૧૧ (સેલ્ફ ફાઈનાન્સ) માટે નીચેની વિગતે શિક્ષકોની જરૂરીયાત હોય લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચેના સ્થળે અને સમયે જરૂરી આધારો સાથે શાળામાં ઉપસ્થિત થવું.

| ક્રમ | વિષય | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| (૧) | આંકડાશાસ્ત્ર | B.Com - M.Com/B.ed. |
| (૨) | નામાના મુળતત્વો | કે |
| (૩) | વાણિજય વ્યવસ્થા | B.A., M.A./B.ed. |
| (૪) | સમાજશાસ્ત્ર | |

**સ્થળ : શ્રી ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલ–ગોપાલગ્રામ**
**તારીખ : ૨૭/૦૬/૨૦૨૩, મંગળવાર.**
**સમય : સવારે ૯:૩૦ કલાકે**

મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી ગ્રામવિકાસ મંડળ ટ્રસ્ટ
ગોપાલગ્રામ

આચાર્ય
શ્રી ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલ
ગોપાલગ્રામ


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)